ચરોતરના વહોરા વિષે
નિબંધ

લખનાર

ઉમરભાઈ ગબડભાઈ વહોરા.

વતન કસ્બેઅલીણા હાલ સારસા મુખ્ય સ્કુલના હેડમાસ્તર

સને ૧૯૧૨. હિજરી સને ૧૩૩૦ રમજાન શરીફ

પહેલી આવૃત્તિ. પ્રત ૫૦૦.

અમદાવાદ—યુનાઇટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલ એજન્સિ કંપની
લીમીટેડ પ્રેસમાં મેનેજર જેશીગભાઈ તલકચંદ શાહે છાપ્યું.

૭૮૬

પ્રસ્તાવના.

આ દુનીઆમાં જેમ જેમ જમાનો બદલાય છે તેમ તેમ કુદરતનો દેખાવ અને સંસારની શોભામાં સુધારો વધારો થાય છે. દરેક વસ્તુની ત્રણ અવસ્થા છે, બાળપણ, જુવાની, ઘડપણ. તે પ્રમાણે આ જગતના હાલના દેખાવથી એમ જણાય છે કે દુનીઆની જુવાનીનો સમય છે જેમાં પ્રવૃત્તિવાળા મનુષ્યો પોતાની ચંચળ પ્રકૃતિ વડે દેવોથી દુર્લભ એવાં ચમત્કારી કામો (જેવાં કે રેલવે ટેલીફોન આગબોટો, ટોરપીડો, બલુનો ફોનોગ્રાફ વગેરે અનેક યંત્રો—માણસને આશ્ચર્ય ઉપજાવે તેવાં) કરી જગતમાં જન્નતનું સુખ ભોગવી રહ્યા છે તેનું મુખ્ય કારણ કેળવણી, દ્રઢતા, હિમત અને સંસાર સુધારો છે. જમાનાને અનુસરી હિંદુસ્તાનની સર્વ કોમ પારસી, હિંદુ, મુસલમાન, વગેરેએ હવે સુધારા અને કેળવણીની ચળવળ કરવાનુ ગ્રહણ કર્યું છે. પારસી, નાગર, કાયસ્ત અને બ્રહ્મ ક્ષત્રિય વગેરે જાતોએ વેગસર સુધારો પકડવાથી આજે તેઓની હાલત સારા પાયા ઉપર છે તેમનુ જોઇ હિંદુ ધર્મની બીજી જાતોએ પણ પોતાના સંસાર સુધારા અને કેળવણીના વધારા માટે સંસ્થાઓ, મંડળીઓ અને કાન્ફરન્સો ભરી જુની અને હાનિકર્ત્તા રસમો દૂર કરી વિદ્યાવૃદ્ધિ સાથે લાભકર્તા રિવાજો અખ્તીઆર કર્યા છે. આવા શુભ પ્રસંગે મને પણ મારા બંધુ જનોના હિતાર્થે બે શબ્દો લખવાનો વિચાર આવ્યો. જેમાં મારા જાતિભાઇઓનું દીની બાબતનુ દુર્લક્ષપણું, વ્યાવહારિક કેળવણી ઉપર અણગમો, કેટલાક જાતિ રિવાજોથી થતી હરકતો અને છેલે તે બાબતો માટે સૂચનાના બે શબ્દો દર્શાવી ટુંક વિવેચન આ લઘુ પુસ્તકમાં કર્યું છે. તે ઉપર સમજુ અને જાતિબંધુનુ ભલુ ચાહનારાઓ ધ્યાન આપી ઘટતા ઇલાજ લઇ કેવા પ્રકારે સુધારો વધારો થાય તેનો યોગ્ય રસ્તો શોધશે એવી હું ઉમેદ રાખુ છુ.

" ખુદાવંદે કરીમ તેનો સવાબ તમોને આપશે આમીન "

લી. મા. હિ.

ઉમરભાઈ ગબ્બુભાઇ–વોહરા.

હેડમાસ્તર–સારસા મુખ્ય સ્કૂલ.

૭૮૬

ચરોતરના વહોરાઓ વિષે નિબંધ.

મુસલમાનોમા શેખ, સૈયદ, મુગલ અને પઠાણ એ ચાર જાતો અસલ મુસલમાન થયેલી એમ કહેવાય છે એ વાકયમા શેખ શબ્દ આખા અરબસ્તાનના સૈયદ લોકો સિવાયના બીજા વતનીઓને માટે ગણેલો છે. અરબસ્તાનમા હરકોઇ માણસને બોલાવવો હોયતો યાશેખ એમ કહે છે, કેમકે શેખ શબ્દ માનવતો છે: વળી આપણા દીનની શરૂઆત અરબસ્તાનમાથી થએલી છે, જેથી આખા દુનીઆમા જેટલા મુસલમાનો છે તે તમામને શેખ અટકના ગણી શકાય. પણ આપણા નબી સાહેબની આલને સૈયદ લકબ મળ્યો છે અફગાનિસ્તાનના વતનીઓ પઠાણ ગણાય છે, અને તુર્કસ્તાનના રહીશો તુર્ક કે મુગલ નામથી ઓળખાય છે, મુગલ એ મોંગલ નામે ચાયનીઝ ભાષાના શબ્દનો અપભ્રંશ છે, અને ચીનના મોગોલિઆ પ્રાંતના રહીશો હાલપણ મોગલ નામથી ઓળખાય છે; પણ તુર્કસ્તાનના તુર્ક લોકોએ તે મુલક પર ચઢાઇઓ કરી ફતેહ મેળવી તેમની સાથે લગ્ન સંબંધ બાંધેલો તે ઉપરથી તુર્ક લોકો મુગલ પણ કહેવાય છે. સૈયદ સિવાયના અરબસ્તાનના બીજા વતનીઓ તેમ હિંદુસ્તાનના અને તે સિવાયના બીજા દેશના વતની મુસલમાનો શેખ અટક ધરાવી શકે. છતાં જેવી રીતે અફગાનિસ્તાન અને તુર્કસ્તાનના રહીશો પોતાના દેશની અટકથી ઓળખાય છે, તેવીજ રીતે હિંદુસ્તાનના અસલ વતનીઓ પોતાના ધંધા અગર જાત ઉપરથી જુદે જુદે નામે ઓળખાય છે. ગુજરાતમા મુસલમાન થએલી જાતો વસે છે, તેમના નામ નીચે પ્રમાણે છે:—મેમણ, મલેક, મોલેસલામ, ખોખર, ચોહાણ, વહોરા, જુલાહા, કસ્સાબ, ભઠિઆરા, મોમના, શેખડા, કડિઆરા, છીપા, હજામ, રંગરેજ, ઘાંચી, પીંજારા, પાંજણીગર, તાસતી, ધુળધોયા, પટણી, કરાલીઆ, કાગદી વગેરે અનેક ધંધા કરનારી જાતો વસે છે. આ જાતો અરબ, પઠાણ, અને તુર્ક લોકની હિંદુસ્તાનમાં સવારીઓ થઈ ત્યાર પછી મુસલમાન થએલી

છે. ગુજરાતમાં જે વહોરા વસે છે, તેમના મુખ્ય ભાગ નીચે પ્રમાણે છે.—ગુજરાતના દક્ષિણ ભાગમા જ્યાં સુરત, વલસાડ અને ગંદેર વગેરે શહેરો આવેલાં છે, ત્યા જે વહોરા રહે છે, તેઓ પ્રથમથીજ વેપારી લાઇનને વળગી સમુદ્ર નજીક હોવાથી મોરીસ, આફ્રિકા વગેરે દરીઆ પારના દેશોમા વેપાર માટે જાય છે. તેઓ પૈસે ટકે ઘણા સુખી છે. દીની બાબતમાં પણ હોશીઆર છે, તથા ગુજરાતના બીજા ભાગમા દીની ઇલ્મ શીખવવા માટે મદ્રેસા કાઢે છે. મસ્જીદો બધાવે છે, તેમ અંગ્રેજી ઇલ્મ શીખવવા માટે પણ દીનદાર ભાઇઓને સારી મદદ આપે છે.

નર્મદા અને મહી નદી વચ્ચે ભરૂચ જીલ્લામા જે વહોરા વસે છે, તેઓ મુખ્ય ખેતીનો ધધો કરે છે, તેથી તેઓ વહોરા પટેલ કહેવાય છે, ગામમા મુખીપણુ પણ તે લોકોનુ છે. તેઓ પહેલા દીન ઇલ્મમાં હોશીઆર નહોતા, પણ હાલમા ઉર્દુ નિશાળો દાખલ થવાથી અને મુલ્લા, મોલ્વીઓના નગીહતથી ઇસ્લામના પાબદ થયા છે. આ જીલ્લામા ખેતીની મુખ્ય પેદાશ કાનમી કપાસ છે, અને હાલ તેનો ભાવ વિશેષ હોવાથી તેઓ પુષ્કળ પૈસા કમાઇ પૈસાદાર થયા છે. વળી કેટલાક આફ્રિકે જઇ પૈસા કમાઇ લાવે છે. મહી અને સાબરમતી નદીઓની વચ્ચે જે વહોરા વસે છે તેમના જુદા જુદા જથા છે જેઓમા ખેડા જીલ્લાના, ગોધરા અને તેને લગતા ગામોના, મોડાસા અને મેઘરાજ તરફના, વિજાપુર અને પાટણ તરફના, વિરમગામ અને કડી પ્રાંત તરફના, પ્રાતીજ અને વાત્રક કાઠાના, અમદવાદ અને દસક્રોઇ તરફના, તેમ ધોળકા અને ધંધુકાના વહોરાઓ છે મોડાસા અને મેઘરાજ તરફના વહોરાઓને તેમના ધંધા ઉપરથી ઘાચી અને પીંજારા કહે છે આ ભાગમા ગામનુ મુખીપણુ આજ લોકોનુ છે તેએનો મખ્ય ધધો ખેતી, ઘાણી અને ગાડીતીનો છે. તેઓ પહેલા કપડવજ તરફ કન્યાઓ આપતા પણ હાલમાં તેમણે પોતાનો વાસ્તો બાધી દીધો છે. છપના દુકાળ પછી મોડાસાના ઘાચીઓ વેપાર રોજગારમા સારી રીતે મચ્યા છે, તેથી તેમની હાલત દિન પ્રતિદિન સુધરતી જાય છે આ લોકો દીનદારીમા સારૂ લક્ષ આપતા થયા છે. વિજાપુર અને પાટણ જીલ્લાના વહોરાઓ અજમેરી પીંજારાની અટકથી ઓળખાય છે. તેઓ દીનદારીમા ઘણા પછાત છે, ગામડાઆ

લોકો ઘણું શિરક કરે છે, પરંતુ હાલમાં બીજા મુસલમાનોના સહવાસથી સુધરતા જાય છે.

વીરમગામ અને કડી પ્રાત-આ ભાગમાં રહેનારા વહોરાઓના બે જુદા જથા છે, તેઓ ઘાંચી અને પીંજારા કહેવાય છે. વીરમગામ અને કડીમાં ઘાંચી લોક વિશેષ છે, તેઓ કડીવાળ કહેવાય છે. પીંજારા લોક પણ વીરમગામ, કડી, કલોલ, પાટડી અને તેની આજુબાજુના ગામડામાં છે. કન્યાનો સંબંધ પોત પોતાના જથામાં છે. વીરમગામ તાલુકાના માંડલ કસ્બામા બેક વહોરા રહે છે અને તેમાં તેમની પટલાઈ છે.

પ્રાતિજ, વાત્રક અને સાબરકાંઠો—આ ભાગમાં સાદરા, બહીઅલ, દહેગામ, કુબડથલ, કુહાભાવડા, પ્રાંતિજ વગેરે ગામોમા વસનારા વહોરા બેડાલીઆ જાતથી ઓળખાય છે. તેઓ રૂ, કપાસ અને ઘાણીનો ધધો કરે છે. તેમના રીતરિવાજ સાદા છે. ઈસ્લામમા બરાબર વાકેફ નથી કેટલાક મુંબઈ તરફ જઈ પીંજણની ફેરી કરે છે, ને કેટલાક ગ્યાસતેલ વેચે છે.

અમદાવાદ અને દસક્રોઇ—શહેર અમદાવાદમા જે વહોરાઓ વસે છે તેઓ ખાસ પીંજારા કહેવાય છે. તેઓ પ્રથમ ચરોતરમા કન્યાઓ દેતા પણ હાલમા તેમણે પોતાના કુટુંબમાજ કન્યા આપવાનો વહીવટ શરૂ કર્યો છે. તેમ ચોતરફના સરખજ, કાસંદ્રા, કલોલ વગેરે સોળ ગામો સાથે વાસ્તો બાંધ્યો છે. શહેરમા મીલો થવાથી કેટલાક લોકો પૈસે ટકે સુખી થયા છે, પણ તેમની સ્ત્રીઓમા લાજ મરજાદનો વહીવટ જોઇએ તેવો નથી. જેથી શહેરના અમીરી કુટુંબોમા તેમનો ભારબોજ પડતો નથી. તેઓ હાલમા પોતાના બચ્ચાને તાલીમ આપે છે, જેથી હવે પોતાનો વહીવટ સુધારશે એમ આશા રખાય છે.

ધોળકા અને ધંધુકાનો ભાલ ભાગ-ધોળકામા ઘાંચી અને પીંજારાના બે વર્ગ જુદા છે. તેમનો કન્યાનો સબધ ધોળકાથી ધોલેરા સુધી છે. ધંધુકામાં જે વહોરા રહે છે, તેમની સખ્યા બસેં ત્રણસે ઘરની છે. તેઓ ખેતી કરે છે, અને મુખીપણું તે લોકનુ છે કોકો પીસાવાડામા શીઆ મજહબના વહોરા ખેડૂત વર્ગના છે. આ લોકોનુ મુખીપણું છે. આ સિવાય સુન્ની અને શીઆ વહોરાઓ ગુજરાતના મોટા મોટા કસ્બાઓમાં જોવામા આવે છે. સુન્ની વહોરાઓ અમનગર, પ્રાંતીજ, મોડાસા, અમદાવાદ

અને મહેમદાવાદ વગેરે સ્થળોએ જોવામા આવે છે. તેઓ સુન્ની મજહબના પાબંદ હોવાથી સુન્ની લકબથી મશહુર છે. સાભળવા પ્રમાણે જ્યારે વિલાયતી કાગળો હિંદુસ્તાનમા આવતા નહોતા ત્યારે કાગળની બનાવટ તથા તેનો વ્યાપાર આ લોકોના અખત્યારમાં હતા જેથી તે લોકોને કાગદી પણ કહે છે. હાલમા પણ તેમાના ઘણાખરા કાગળનો વ્યાપાર કરે છે. આ લોકોમાં કોમનો બંદોબસ્ત સારો છે તએો પૈસે ટકે સુખી છે, અને દીનના કામમાં બનતી મદદ કરે છે.

શીઆ વહોરામાં સુલેમાની અને દાઉદી એ બે વર્ગ છે. ખંભાત અને મુંબઈ વગેરે સ્થળે સુલેમાની વહોરા રહે છે અને કપડવંજ, ગોધરા, વાડાશીનોર, સુરત વગેરે સ્થળે દાઉદી વહોરા રહે છે, આ લોકોમા પોતાની કોમના એક મુખ્ય મુલ્લાજી નીમેલા છે, તેઓ સુરતમા રહે છે. તેમને આ લોકો વરસ દહાડે માણસદીઠ અમુક રકમ મોકલાવે છે, તથા મરણ પરણ પ્રસગે પણ તેમને અમુક રકમ આપે છે. આ આવેલા પૈસાવડે મુલ્લાજી દરેક મોટા કસ્બામા પોતાના દીનના કામ કરાવવા માટે માણસો મોકલાવે છે વળી મુલ્લાજીના અખત્યારમા દીનના તમામ કામ ઉપરાત નાતના રીતરિવાજ ઘડવા તથા તેમા સુધારો વધારો કરવો વગેરે કામો હોય છે. આ ઉપરાંત કોઈપણ માણસને મહેમાની અગર વિવાહ વાજનનુ ખર્ચ કરવુ હોય તો પહેલાથી મુલ્લાજીની મજુરી મેળવવી પડે છે. ગજા ઉપરાત ખર્ચ કરતો હોય તો મુલ્લાજી તેને અટકાવે છે. વળી લોકના ખોરાક અને પોશાક ઉપર પણ તે પુરતી દેખરેખ રાખે છે કોઈ પણ માણસ બીડી પીતો કે પોતાનો પોશાક બદલતો માલુમ પડે છે, તો તેવા માણસને મુલ્લાજી જમાઅત બહાર મુકે છે. આ સજા કેદખાનાથી પણ ભારે થઈ પડે છે, કેમકે તેવા માણસની સાથે વહોરો બદો સલામો અલેક સરખી પણ કરતો નથી ! જેથી હારી થાકીને મુલ્લાજીને તાબે થવુ જ પડે છે. આવા સખત બદોબસ્તને લીધે વાર તહેવારે અથવા મુલ્લાજીની સવારી આવી હોય તે વખતે તમામ લોક એકજ પોશાકમા હોવાથી તથા કામ ધધો મુકી તમામ એકઠા થયેલા હોવાથી જલસો માલમ પડે છે, તેમ કોઈ મોટા અમીર ઉમરાવની સવારી જતી હોય, એમ જણાય છે. વળી આ લોકો પોતાનાજ કુટુબમા સગપણનો સબધ કરે છે, જેથી તેઓ ઘણા સુખી છે. વળી વેપાર માટે લાબી સફર કરવામા નાહિમ્મત થતા

નથી. આ લોકો તથા તેમનાં બૈરાં છોકરાં તમામ કુરાને શરીફ પઢી જાણે છે; પુરૂષ કરતાં સ્ત્રીઓ પોતાના દીનમાં પુરી પાબંદ હોય છે. સ્ત્રીઓનું મુખ્ય કામ બચ્ચાંની બરદાશ કરવી, વખત મળે તો કારચોબનું કામ કરવું તથા અલ્લાની ઇબાદતમાં મશગુલ રહેવું એ છે, આ લોકો પૈસેટકે સુખી છે.

ગોધરા અને લુણાવાડામાં જે વહોરા રહે છે, તે ખાસ ઘાંચી નામથી ઓળખાય છે, અને તેમનો ધધો ખેતી, ગાડીતી અને ઘાણીનો છે. આ લોકો પહેલાં માળવામાંથી માલ લાવી ગાડાં માર્ફતે ધોળકા અને ધંધુકા સુધી વેચતા; પણ હાલમાં રેલ્વે થવાથી આવી લાંબી મુસાફરી કરતા નથી. આ તરફ ગામનાં મુખીપણું પણ આ લોકોનાં છે. દીની તાલીમમાં ગોધરા, ગુજરાતમાં મશહુર છે, પણ કેળવણીની બાબતમાં જોઇએ તેવું લક્ષ આપતા નથી. ગામડાંનો ઘણો ભાગ જાહેલ છે. આ લોકો હાલમાં વેપારમાં સારૂં લક્ષ આપી પૈસાદાર થતા જાય છે.

મહી અને સાબરમતી નદી વચ્ચેના ખેડા જીલ્લામાં ચરોતરના વોહરા વસે છે. તેઓ કઈ હિંદુ જાતિમાંથી મુસલમાન થયા હશે તે નક્કી કહી શકાતું નથી. હાલમાં આ લોકોના ત્રણ જથા પડી ગયાછે(૧) કપડવંજનો (૨) નડિઆદીનો (૩) ચરોતરનો. કપડવંજના વહોરા પ્રથમ ચરોતરને કન્યા આપતા, અને તેમને મોડાસા તરફથી કન્યાઓ મળતી, પણ મોડાસા વાળાએ પોતાનો વારતો બાંધી કપડવંજ તરફ કન્યા ઉતારવી બંધ કરી તેથી કપડવંજવાળાએ ચરોતરમાં કન્યા ઉતારવી બંધ કરી પોતાનો જુદો વારતો બાંધ્યો. નડિઆદી વહોરાઓ પણ પોતાના વારતામાંજ કન્યાની લેવડદેવડ કરે છે. આ લોકો બનતા સુધી પોતાના કુટુંબમાંજ કન્યાની આપ લે કરે છે, જેથી તેઓ એક સંપીલા થયા છે. આ લોકોએ બાપદાદા વખતનો ઘડીમાં ગરીબ બનાવનારો નાતવરાનો ચાલ બંધ કર્યો છે. તેથી તેઓ સુખી થયા છે, અને હજુ વધારે સુખી થશે. કેળવણીમાં હજુ જોઈએ તેવું લક્ષ આપતા નથી.

કપડવંજ અને નડિઆદ સિવાયના ખેડા જીલ્લાના બાકીના વહોરા ચરોતરીઆ વહોરા નામથી ઓખાય છે. આ ભાગના મોટાં ગામોમાં તેમની વસ્તી જથાબંધ હોય છે, અને નાના ગામમાં ટુંકી હોય છે. નાના ગામમાં તેઓનો મુખ્ય ધંધો ખેતીનો હોય છે, પણ મોટા ગામમાં તેઓ

૨, કપાસ, ધાણી, નેસ્તી, મનીઆરૂં વગેરે જેને જે ફાવે તે ધંધો કરે છે.

ઇલ્મ, હુન્નર, અને કેળવણીની બાબતઃ જેમ જેમ જમાનો બદલાતો જાય છે, તેમ તેમ માણસ માત્રમાં કાંઇને કાંઈ પણ સુધારો વધારો કુદરતી રીતે દાખલ થતો જાય છે. જે જાતો ખંતીલી, ચાલાક અને ખબરદાર હોઇ નવા જમાનાને જલદી વળગી પડે છે, તેઓમાં સુધારો જલદી ફેલાઇ તે પ્રજાને ઉંચે દરજ્જે લઇ જાય છે. જેવાકે પારસી, નાગર, કાયસ્થ વગેરે કોમો રાજ્ય ધોરણને જલદી અખ્તીઆર કરી પોતાનામાં નવી પદ્ધતિ દાખલ કરે છે, જેથી માજી રાજ્યમાં તેમને માટે સિંહાસનો ગાદીતકીઆ વગેરે તૈયાર હતાં, તેમ હાલ મહાન્ અંગ્રેજી રાજ્યમાં તેમને માટે ખુરશી તથા ટેબલ મોજુદ છે. મતલબ કે જ્યારે મુસલમાની અમલ હતો, ત્યારે તેઓ ફારસી અને અરબી ભાષામાં ઘણા પાવર્ધા હતા, અને હાલમાં રાજ્યભાષા અંગ્રેજી છે તેમાં પણ તેઓ પુરા પ્રવીણ છે. જેથી રાજ્યાસનો તેમનાથી ભરપુર છે. તેમનું અનુકરણ કરીને બ્રાહ્મણ, વાણીઆ, પાટીદાર વગેરે હિંદુ જાતોએ વિદ્યા સંપાદન કરવા માંડી છે, અને રહી રહીને છેવટ મુસલમાનો પણ લક્ષ આપતા થયા છે. પોતાનો પ્રયત્ન જારી રાખશે તો તેમની પણ ચઢતી થશે.

ઇલ્મ બે પ્રકારનો છે. (૧) દીની ઇલ્મ (ધાર્મિક વિદ્યા) (૨) દુનિઆવી ઇલ્મ (વ્યાવહારિક વિદ્યા). દરેક ધર્મના માણસે પોતાના દીની ઇલ્મથી સંપૂર્ણ માહીતગાર થવુ જોઇએ, કેમકે જે પોતાના દીનમાં સાબીત હોય છે તેને દુનિઆમાં સુખ મળે છે. દરેક ધર્મમાં સત્ય, દયા, પરોપકાર, આત્મસંયમ (ઇંદ્રિયોને કબજે રાખવી તે) વગેરે નીતિના માર્ગ હોય છે. તેમાં જેણે સંપૂર્ણ લક્ષ આપ્યું તેને કોઈ દિવસ દુઃખ પડતું નથી. ઇસ્લામની પાચ બીના (૧) કલમો પડવો (૨) પાંચ વખતની નમાજ પડવી (૩) રમજાન શરીફના રોજા ધરવા (૪) માલની જકાત કાઢવી અને (૫) મક્કા શરીફની હજ કરવી એ છે. પહેલા ત્રણ હરેક મુસલમાનને માટે ફરજ છે, અને ચોથી તેમ પાંચમી બાબત સાહેબેમાલ એટલે માલદાર મુસલમાનને માટે ફરજ છે. પહેલાંના વખતમાં આપણી જાતના લોકો મુસલમાનીથી પુરા વાકેફ નહોતા. પરંતુ હાલના વખતમા મોટા ગામોની અંદર મસજીદો તૈયાર થઇ છે, અને તેમાં

મુલ્લા, મોલ્વીઓ રહે છે, તેને લીધે નાનાં બાળકો કુરઆન શરીફ અને બીજી દીની કીતાબો પઢતાં શીખ્યાં છે, જેથી થોડી ઘણી માહીતી મળી છે. તોપણ મેમણ, અને સુન્ની વહોરાઓ જેવી દીનદારી ચરોતરના વહોરાઓમાં નથી. દીનની બાબતમાં બચ્ચાંને વાકેફ કરવા માટે લાહોર અંજુમન ઇસ્લામે દીનીઆતના ત્રણ ઉર્દું ભાષામાં રિસાલા છપાવ્યા છે, તે દરેક બચ્ચાને કુરાને શરીફ પુરૂં થવાની સાથે સમજાવવા તથા તેમાંની ઉપયોગી હકીકત હિફ્જ કરાવવી એ બહુ લાભકારક છે. આથી આપણા બચ્ચાં દીની બાબતમાં હોશિઆર થઇ દીનને મજબુત કરશે. વળી કાયદો એવો છે કે બચપણમાં બચ્ચાને જલદી મોંએ યાદ રહી જાયછે, તથા તેના તલફ્ફુજ સુધરે છે, મોટા થયા પછી તેને જોઇએ તેટલુ મોએ રહેતુ નથી, તથા જોઇએ તેવા ચોકખા ઉચ્ચાર થતા નથી; તેથી દીની ઇલ્મમાં તેનું મન બહુ લાગતુ નથી. આપણામાં દીની તાલીમ દાખલ થવાને લીધે શાદી, સનવાસો, મૈયત વગેરેમા જે શીરક થતું હતુ તે હવે રદ બાતલ થવા લાગ્યું છે. પણ હજુ જે જે ગામોમાં આપણી મસીદો છે, ત્યાં કાયમ નમાજી સેંકડે ૧૦ ટકા તરફ્ડીને હોય છે, અને તેમા ઓરતો તો દરેક મોટા ગામ દીઠ એકાદ બે ભાગ્યે જોવામા આવે છે, એ બહુ અફસોસની વાત છે. વળી ગામડામાં રહેનારા તો નમાજ રોજાની બાબતનાં બીલકુલ વાકેફ નથી. જો પુછવા જઇએ તો સોમાં એક માણસને પણ પાંચે પુરા કલમા યાદ નથી હોતા એ બહુ શરમાવા જેવુ છે. વળી કેટલાંક ગામડાની મસીદો વેરાન છે, કેમકે તેમાં ઝાડુ પુંજો કે દીવાબત્તી કઇ પણ થતાં નથી, એ પણ દીલગીર થવા જેવુ છે. દરેક માણસ પોતાના દીનથી પુરા વાકેફ થઇ તે મુજબ ચાલે તો તેમની દીન અને દુનિઆ સુધર્યા વગર રહેશે નહિ. હદીસ શરીફમાં ફરમાવ્યું છે કે " ઉતલુ બિલ ઇલ્મ વલ્લવ કાન બિસ્સીન " અર્થ ઇલ્મ હાંસલ કર અગર જો તેમ કરતાં તને છેક ચીન જવું પડે. મતલબ કે હરેક ઇનસાને ઇલ્મ હાંસલ કરવો જોઇએ, આપણા લોકોને સહેજ કુરાન શરીફ અને થોડા મસલા મસાયલની કિતાબો મુલ્લા શીખવે છે, પણ કુરાન શરીફના માએના તથા સર્ફ નહો (વ્યાકરણ) થી વાકેફ નહિ હોવાને લીધે પોપટીઉં જ્ઞાન થાય છે, જેથી કુરાન શરીફની ખરી ખુબીથી બેનસીબ રહીએ છીએ. જેથી કુદરતના કાયદા તથા જમાનાના ફેરફારને અનુસરી વર્તવામાં કેટલાક નીમ મુલ્લાઓ અ-

ટકાવ કરી શીરકમાં દાખલ કરે છે. માટે કુરઆન શરીફ બામઅની પઢવામાં આવે તો ખરી ખુબીથી વાકેફ થવાય. કુરઆન શરીફમાં દીનની ખાસ બાબતો ઉપરાત સામાન્ય નીતિ વચનો, પ્રાચીન નેક બંદાઓનાં અને પયગંબરોના બોધદાયક જીવન ચરિત્રો, તેમ પોતાનાં માબાપ, ભાઇઓ, સગાં સબંધીઓ તથા બીજાં માણુસો પ્રત્યેના વ્યવહારો અને બીજી અનેક બાબતો વિષે લાભ કર્તા વચનો ફરમાવેલાં છે. માટે મુસલમાનોએ પ્રથમ પોતાના બાળકોને ઇસ્લામી બીનાથી વાકેફ કરવાં તથા તેમાંની ઉપયોગી હકીકત જેવાકે કલમા, સુરતો, દુરૂદ, આએતલકુરસી વગેરે જરૂર મોઢે કરાવવી. આથી દરેક બચ્ચાને મોટપણે આપણા દીન ઉપર દીલી મોહોબ્બત પેદા થશે, અને અનેક શીરક, બીદઅતથી ખસુસ બચશે. વળી જેવી રીતે શીઆ અને સુન્ની વહોરાઓની ઓરતો દુનીઆ દારીનાં કામો કરતા દીનદારીનાં કામોમાં વધુ વખત રોકે છે, તેવીજ રીતે આપણામાં પણ થવું જોઇએ. કેમકે અકસર કરીને બચ્ચાં પોતાની માની સાથે વધુ વખત રહે છે, જેથી માને અલ્લાની ઇબાદત કરતી તથા કુરાને શરીફ પઢતી બચ્ચું જુએ છે, તો તે પણ તેવું થાય છે. તેમ ઓરતો પણ દીની બાબતમાં મશગુલ થવાથી એક બીજીની નીંદા, ચાડી, ચુગલી, ખોદણી, ગાળમગાળા વગેરે કરતી અટકે છે. મતલબ કે પોતે નીતિમાન થાય છે, દુનીઆમાં વખાણાય છે, આકેબત સુધારે છે, તથા પોતાનાં બચ્ચાં પણ નીતિમાન થાય છે, ને પોતાના કુટુબમાથી કજીઆ કંકાસનુ નામ જતુ રહે છે. વળી બચ્ચું બચપણુમા દીની ઇલ્મમાં પુરૂ વાકેફ થાય છે, તો મોટપણે બીજી ઘણી જબાનો શીખવા છતાં તે પોતાના દીનમાં પુરૂ પાબંદ રહે છે, તે નક્કી જાણવું.

દીની ઇલ્મની સાથે દરેક બાળકને દુનીઆદારીનું વ્યાવહારોપયોગી જ્ઞાન થવા સારૂ પોતાના દેશમા અને રાજ્યમાં ચાલતી ભાષાની કેળવણી પણ ખસુસ આપવી જોઇએ. તેમાં આપણી કોમે તો પુરતું ધ્યાન આપવું, કેમકે આપણો મુખ્ય ધધો વેપારનો છે, અને વેપારમા કુશળ થવા માટે કેળવણી અવશ્યની છે કેળવણી સંબંધી ફારસી જબાનના પ્રખ્યાત શાયર શેખ સાદી સાહેબ પોતાની "કરીમા" નામની એક છોટી પણ અમૂલ્ય કિતાબમાં ફરમાવે છે કેઃ—

બની આદમ અઝ ઇલ્મ યાબદ કમાલ,
નઅઝ હશમતો જાહો માલો મનાલ;
ચુ શમે અઝપએ ઇલ્મ બાયદ ગુદાખ્ત,
કે બે ઇલ્મ નતવાન્ ખુદા શિનાખ્ત.

અર્થ.—આદમ અલય હિસ્સલામનાં ફરજંદ ઇલ્મ વડે મોટો રૂતબો મેળવી શકે છે, પણ માલ મિલ્કત, દરજ્જા અને દબદબાથી એવો રૂતબો મળી શકતો નથી; માટે જેમ મીણબત્તી પ્રકાશ મેળવવા માટે (તેની વાટ સળગાવવાથી) ઓગળે છે, તેવી રીતે તુ વિદ્યારૂપી પ્રકાશ મેળવવા માટે ઓગળ (સુકા). કેમકે ઇલ્મ શીખ્યા સીવાય અલ્લાની ઓળખ થતી નથી. વળી આ સંબંધી તેઓ આગળ કહે છેકે વિદ્યા મેળવવા માટે દરીઆની મુસાફરી કરવી પડે તો તે પણ કરીને તું ઇલ્મ મેળવ. મતલબ કે ઇલ્મથી માણસાઇ આવે છે. આપણી પાસે પૈસો ટકો હોય તેને ચોર ચોરી જઈ શકે છે, જો તેને દાટીએ તો તે કદાપિ ભૂલી પણ જવાય છે, ભાઇઓ ભાગ માગે છે, મતલબ કે આસમાની સુલતાનીથી તેનો બીલકુલ બચાવ થઇ શકતો નથી, પણ વિદ્યાને તેવા અકસ્માતો નડતા નથી. તેને જેમ વાપરીએ તેમ વધે છે, ફાવે તે માણસ વશ થઈ શકે છે, મુસાફરીમાં તે મિત્રની ગરજ સારે છે ને રાજ દરબારમાં માન અપાવે છે. વળી રાજાનું તો અમુક મુલકમાં નામ હોય છે, અને આલિમતો આખી દુનીઆમાં પંકાય છે. જ્યારે બચ્ચું પેદા થાય છે, ત્યારે તેને કંઈ સાન કે ભાન હોતું નથી નદ્દન પરવશ તથા મોહતાજ હોય છે તેને ગરીબ કે તવંગર, ફકીર કે બાદશાહ વગેરેમાંની કોઇ નિશાની હોતી નથી, પણ મોટપણે તેમાંથી કેટલાક રાજગાદી પર બીરાજમાન થઇ અનેક પ્રકારના ચુકાદા આપે છે, ગુનેહગારને શિક્ષા કરે છે, ને લાયકાત પ્રમાણે હોદ્દા બક્ષે છે, એ બધી ઇલ્મની ખુબી જાણવી.

વળી દાકતરી વિદ્યામાં હોશિઆર થયા પછી એ માણસ પેટમાંની પથરી કાઢી શકે છે, ફાવે તેવુ અંગ તૂટી ગયુ હોય તો તે સાજું કરી શકે છે, એક પળમાં જાન પરવાજ થઈ જાય એવી આંકડી, ચુંક કે બીજુ દરદ પેદા થયું હોય તે દફે કરી શકે છે, તે પણ ઇલ્મને લીધે જાણવું. વળી ઇલ્મને લીધે એક પલકમાં હજારો ગાઉ આપણે ખબર મોકલી શકીએ છીએ, ઘોડા અને બળદ જોડયા સિવાય આગગાડી આપણને જ્યાં

જવું હોય ત્યાં લઇ જાય છે. આ સિવાય ઘડીઆળો, સાંચા કામ, મોટરો, ફોનોગ્રાફ વગેરે અનેક સુખનાં સાધનો ઇલ્મને લીધે પેદા થએલાં છે, માટે જો ઈલ્મ મેળવીએ તો તેવાં કામ આપણે પણ શીખી શકીએ. પહેલાંના રાજ્યમાં મોટા હોદ્દાઓ અક્સર કરીને વંશ પરંપરાના હતા, જેથી તેવો હોદ્દો કોઇ અતરાફી મેળવવા ઇચ્છે, તો તેને બહુ મુસ્કેલી નડતી, પણ હાલના મહાન બ્રિટીશ રાજ્યે નાતજાતની દરકાર ન રાખનાં હરકોઇ નાતના અગર ધર્મના વિદ્યામાં બાહોશ માણસને તેવા હોદ્દા બક્ષવા માંડ્યા છે. મતલબ કે વિદ્યાને ઉંચું સ્થાન આપવામાં આવ્યું છે. માટે આવી ઉત્તમ તકનો લાભ લઇને દરેક જાતભાઇએ તે તરફ લક્ષ આપવું. કહેવત છે કે:—

ઇલ્મે કમાલ કુનકે અજીજે જહાંશવી. અર્થ ઉત્તમ પ્રકારની વિદ્યા મેળવ કે જેથી તુ દુનીઆમા પ્યારો થાય. મતલબ કે વિદ્યા મેળવવાથી આપણા ગુજરાનનો માર્ગ સરળ થાયછે, દોલત પેદા થાય છે, તમીઝ પેદા થાય છે, તથા દીનનાં કામો કરવા તરફ આપણુ મન હરખાય છે, જેથી દીન અને દુનીઆં બને સુધરે છે.

આપણા લોકો દીની ઇલ્મમાં તથા કેળવણીમાં તદ્દન પછાત હતા, પણ હાલમાં દીની ઇલ્મ ઉપર જરા ધ્યાન લગાડ્યું છે, છતાં કેળવણી ઉપર જોઇએ તેવુ ધ્યાન આપતા નથી. જ્યારે મીલો નહોતી અને રૂ કપાસનો વેપાર આપણા હાથમાં હતો, ત્યારે આપણા લોકો પૈસે ટકે સુખી હતા, અને વેપાર રોજગારમાં કુશળ હતા. છતાં ભણેલા ગણેલા નહિ હોવાથી તેમનું નામુ લખનારા ઘણે ખરે ભાગે ન્યાલ થતા. હાલમાં પણ જે લોકો પૈસાદાર હોઈ વેપાર ધધામાં મચેલા છે, તેઓમાંથી ઘણાજ થોડા પોતાનું નામું ચોકસાઇથી તથા વગર ભૂલે લખી શકે છે. એ બહુ દિલગિર થવા જેવું છે. તથા પોતાની એબ બીજાને બતાવવા જેવુ છે. માટે તેવા લોકોએ કેળવણી ઉપર પુરતુ ધ્યાન આપવાની જરૂર છે.

જે લોકો ગરીબછે તેમણે તો ઇલ્મ શીખવામાં અને શીખવવામાં પૂરતી કાળજી રાખવી. કેમકે ગરીબ વર્ગમાં વિશેષ કરીને જમીન જાગીર હોતી નથી. જેથી ઇલ્મીરૂપી હથિયાર વડેજ તેમનો ગુજરાનનો માર્ગ સરલ થાય છે. જે માણસ તે હાંસલ કરતો નથી તેને મહેનત મજુરી કરી પોતાનુ પેટીઉં ભરવું પડે છે. જે બાળક નાનપણમાં વિદ્યા શીખી કોઇ કારખાનામાં કે મોટા વેપારીને ત્યાં નોકર રહે છે. તેને તે ધંધો જલદી

આવડે છે. વળી બહાર દેશાવર જવામાં તેને અડચણ નડતા નથી. મતલબ કે તેના ગુજરાનનો માર્ગ સીધો થાય છે. માટે નાતના આગેવાનોએ દીની ઇલ્મ તથા કેળવણીનો ફેલાવો કરવા માટે ફંડ ઉભું કરી પોતાના ભાઇઓનું ભલું થવા ઘટતા ઇલાજ લેવા જોઇએ.

સાંસારિક રીત રિવાજ—જેવાકે પોશાક, ભાષા, શાદી, મોત-મૈયત વગેરે ઘણા ખરા રિવાજો હિન્દુ રિવાજને મળતા છે. પોશાકની બાબતમાં કેટલાક મુલ્લા મોલવીઓ ચર્ચા કરી રહ્યા છે. જેથી કેટલાક સમાજ પ્રમાણે ફેર બદલ કરે છે. પણ ઘણાખરા પોતાનો અસલી રિવાજ છોડતા નથી. આપણા લોકો ગુજરાતી ભાષા બોલે છે, તેના સંબંધમાં કંઇ ટીકા કરવા જેવું નથી છતાં આપણી દીની કિતાબો ઉર્દુ, ફારસી અને અરબી જબાનમાં છે, જેથી તે જબાનો શીખવી જરૂરની છે. વળી આપણા મોલવીઓ તથા મુલ્લાઓ આપણને વાઇજનસિઅત ઉર્દુ જબાનમાં કરેછે. માટે તે શીખવાની તથા સમજવાની આપણી ફરજ છે. દીની બાબતમાં પોશાક અને ભાષા માટે કોઇપણ જાતનો બાધ આવતો નથી; કેમકે ઇમાન દીલની સાથે તઅલ્લુક રાખે છે. માટે જેનું દીલ પાક છે, તેનું દીન પણ કાયમ સમજવું એમ ઉલ્માઓના કહેવાથી સાબીત થયું છે. તોપણ મુસલમાનની જાહેર પીછાણ માટે બનના સુધી ઇસ્લામી રીત રિવાજ વધારે પસંદ કરવો જોઇએ.

વહોરાઓના લગ્ન સબંધી રિવાજો બીલકુલ પસંદ કરવા લાયક નથી, કેમકે ઘણા ખરા નાની ઉંમરમા પોતાનાં બાળકને પરણાવી દઇ પોતે ઇડરીઓગઢ જીત્યા હોય એમ માની લઇ પોતાના મનમાં મસ્ત બની જાય છે. પણ આથી આગળ જતાં કેવી ખરાબી થાય છે, તે તેમાંના ઘણા ખરા પોતાની આંખેજ જુએ છે. મુસલમાનોમાં ફક્ત આપણી નાતજ બાળલગ્ન કરે છે. હિંદુઓમાં બ્રાહ્મણ, વાણીઆ, રબારી, ગરાશીઆ વગેરે જાતો તથા જૈન, પારસી વગેરે કોમો પણ એ હાનિકારક રિવાજથી અ-લગ છે, જેથી શરીરના બાંધામાં તથા રૂપમાં તેમ ચાલાકીમાં તે સારી છે. વળી બીજી કોમો પણ બાળલગ્ન નહિ કરવા પ્રયત્ન કરે છે, ત્યારે આપણી કોમ તે તરફ બીલકુલ બેદરકાર છે. જ્યાં સુધી આ રિવાજ દફે નહિ થાય, ત્યાં સુધી આપણે સુખી થવાના નથી. બાળલગ્નને લીધે ઉંમરમાં, સ્વભાવમાં, રૂપમાં, જ્ઞાનમાં વગેરે બાબતોમાં મોટપણે તફાવત

જોવામાં આવે છે. આવાં કજોડાંથી સ્ત્રી પુરૂષના સંસાર વ્યવહારમાં અનેક અડચણો આવે છે, બલ્કે ઘણાં ખરાંનો સંસાર વ્યવહાર તુટી જાય છે ! છોકરો નાનો હોય છે, તે વખતે તેને પરણાવવાની કન્યા પણ લગભગ તેટલીજ મુદ્દતની હોય છે, પણ કુદરતનો કાયદો છે કે પુરૂષ કરતાં સ્ત્રી જાતિને જુવાની વહેલી શરૂ થાય છે, કેમકે ચૌદ પંદર વરસનો છોકરો બાળક ગણાય છે, જ્યારે તેટલીજ ઉંમરની કન્યા ભર જુવાન ગણાય છે, જેથી એક બીજામાં પ્રીતિની લાગણી થતી નથી. તેથી વખતે જુવાન કન્યાનું મન આડે રસ્તે દોરાય છે. વળી કાચી અવસ્થામાં સંસારમાં પડવાથી તેનાથી ઇલ્મ અગર હુન્નર પુરતી રીતે શીખી શકાતાં નથી; તેમ તેના શરીરનો બાંધો નબળો પડી જાય છે, જેથી તેને જે પ્રજા થાય છે, તે પણ નિર્બળ અને રોગી થાય છે. વળી આ વખતે તેને પોતાના પેટનુંજ પુરૂ કરવુ મુશ્કેલ હોય છે,' તેને બદલે તેનું, તેની ઓરતનું તથા તેનાં બાળ બચ્ચાંનું ગુજરાન નભાવવાનો વખત આવે છે, જેથી તેને પોતાનો ટેક છોડી દઈ બીજા લોકોનુ ઓશિઆળું થવું પડે છે. માટે આબરૂની ઘેલાઇમાં તમારાં બાળકોને લાકડે માંકડું વળગાડી ફક્ત તમારો લહાવો પુરો કરવાની ખાતર તમારાં બીન ગુનેહગાર બાળકોની આખી જીંદગી ખરાબ ન કરો. તમારા બચ્ચાંને કોઇ મારે અગર ધમકાવે તો તમે ગુસ્સે થઇને સામા માણસને ઠપકો દોછો, અને આવા કામ કરી જીંદગી રદ કરવામાં તમને જરા પણ અરે આવતી નથી એ બહુજ શરમાવા જેવું છે. આ બાબત સખત બદોબસ્ત કરવા જેવો છે. કેમકે આપણી નાત અટકને લઇને તેના ઘરમાં ટંકનું ઓરવા ન હોય તથા પોતાની કન્યાથી વર સહેજ નાનો હોય તો પણ તેની સાથે સગપણ કરે છે. આવી રીતે બાળલગ્ન થવાથી જુવાનીમાં આવે તેમાંની કેટલીક કન્યાઓ અનીતિમાન થઇ અત્રાફી વહોરાને અગર સિપાઇ, કસાઇ, ભઠીઆરા કે મસીદના મુલ્લાને લઇ નાસી જાય છે, એ શુ ઓછું શરમાવા જેવુ છે ! જેનાં ઘોડીઆમાંથી ઝડપાય છે, તેને ત્યાંજ વિશેષે કરીને આવા બનાવ બને છે ! આથી કુળવાનોની આંખો નથી ઉઘડતી એ બહુ અફસોસ કરવા જેવું છે. આવા બનાવ જો કે બીજી જાતોમા બને છે, તો પણ પ્રમાણમાં થોડા. વળી આપણી વસ્તી ગામડામા ટુકીં હોય છે, અને જેટલી હોય છે તેમાં પણ સગાઇનો સબધ નામનો હોય છે, જેથી જોઇએ તેવો સંપ

હોતો નથી, અને હોય છે તો મેં ઉપરનો. વળી એક કુટુંબ ગણાય છે તો તેમાં પણ પાંચ દશ પેઢીઓનો ફાસલો થએલો હોય છે. જેથી તેમાં એ અંદરખાને ઉંડી ઉંડી દુશ્મનાવટ ભરેલી હોય છે, માટે તે પણ મેં ઉપરની ભલાશ કુટે છે, પણ અંદરખાને નાક કપાવવા અચ્છી તરેહ ખુશી હોય છે. માટે આવા એકલવાયા આદમીનો ફજેતો કરતાં અગર આબરૂ લેતાં, અગર વાત કરતાં, કોઇ બીલકુલ અચકાતો નથી. વળી બાળલગ્નને લીધે ખરી કન્યાઓને લાંબા વખત સુધી પોતાના બાપને ત્યાં રહેવું પડે છે. એવી જુવાન કન્યાઓને આપણી નાતના કુસંપને લીધે અગર એવાં કંઇ બીજાં કારણોથી ગામના કેટલાક લુચ્ચા લોકો ફજેત કરે છે, જેથી તેવી બાઇને નિરૂપાયે નાશી છુટવુ પડે છે, કેમકે તેના બાપથી આબરૂના માર્યા ફરિઆદ કરાતી નથી, તેમ પરણેત ધણીના વાલીઓ પોતાની આબરૂ ઘટી જાય એ ભયથી ફારગતી આપતાએ નથી, તેમ તેને સંઘરતાએ નથી. આથી તે છાની રીતે બીજા કોઇને લઇ નાશી છુટે છે ! અહીં તે આખી જીંદગી ગુલામીમાં ગુજારે છે, વળી તેને જે પ્રજા થાય છે, તે પણ હરામની ગણાય છે, અને કન્યાના બાપનું તથા તેનાં સગાં વહાલાંનું હંમેશને માટે નાક કપાય છે ! માટે ભાઇઓ સુખી થવુ હોય તો બાળ લગ્ન તદ્દન બંધ કરો, બનતા સુધી ગામની કન્યા બહાર ન કહાડો, બનતા સુધી કુટુંબમા કન્યાનો વાપર કરો. જુઓ દોનુ જહાનના સરદાર આપણા નબી સાહેબ તથા તેમના ચાર અસહાબીઓ એકજ કુટુંબના હતા, છતાં તેમાના બે નબી સાહેબના સસરા હતા, અને બીજા બે હજરતના દામાદ થતા હતા, મતલબકે તેમણે પણ પોતાના કુટુંબમાં કન્યાનો વાપર કર્યો હતો, તો પછી આપણે તેમ કરવામા શરમાવું એ બહુ દીલગીરી ઉપજાવે છે. ભાઇઓ ગામડામાં આપણી વસ્તી ટુંકી હોય છે, અને હાલત ઘણેખરે ભાગે ગરીબ હોય છે. જેથી સંપ થવાની ખાસ જરૂર છે. જુઓ આપણી નાતના નડિઆદી વહોરામાં અરસ્પરસ લગ્નનો સબંધ થવાથી કેટલા સુખી થયાછે ? મહેમદાવાદ, ઉમરેઠ સ્ટેશનોએ આપણી નાતના ગરીબ માણસો લોકોનાં પોટલાં ઊંચકવાની મજુરી કરતા જોવામાં આવે છે, પણ નડિઆદમા પાંચસે ઘરની વસ્તી હોવા છતાં કોઇ નડિઆદી ભાઈ પોટલા ઉચકતો તમે જોયો ? શાનો જોવામાં આવે ? અરસ્પરસ સગાઇનો સંબંધ થવાથી તેમને વેપાર માટે પૈસા ટકાની મદદ મળતી રહે છે.

જેથી તેમને ખાસ મજુરી કરવી પડતી નથી હા, બેપારને અંગે મહેનત કરે છે, પણ તેવી મહેનત તો દરેક માણસને કરવી પડે છે.

ચરોતરના વહોરાઓમા ફક્ત દશ કે બાર અટકો વાળાએ પહેલાંથી પોત પોતામાંજ કન્યા આપવાનો વહીવટ રાખ્યો છે જેમાંના ઘણાખરાનો કોઠો આ નીચે આપ્યો છે—

કન્યા દેનાર જાતો.	અટકવાળાને	કન્યા લેનાર જાતો.
મિત્રાલા, ત્રાજીઆ, મોગરોઆ, પીએજા	કંજરીઆ	નેપાડા, ધોળકીઆ, ડભાણીઆ, બોરસદા
કંજરીઆ, પચકાણીઆ, ત્રાજીઆ	ધોળકીઆ	વાસણીઆ, અડીઆ, ડભાણીઆ, ખાધલીઆ
નેપાડા, દેવાતજા, પીએજા, મકેરીઆ	ત્રાજીઆ	કંજરીઆ,મિત્રાલા,ધોળકીઆ
ત્રાજીઆ, અણદીઆ, મેકરીઆ, મહેમદાવાદી	મિત્રાલા	કજરીઆ, નેપાડા પીએજા, પંચકાણીઆ
દેવાતજા, મિત્રાલા, મકેરીઆ	પીએજા	કંજરીઆ,ત્રાજીઆ,પંચકાણીઅ
મિત્રાલા, પંચકાણીઆ, મકેરીઆ, મહેમદાવાદી	નેપાડા	ખાંધલીઆ, મોગરીઆ, પીએજા, તારાપુરા,
મકેરીઆ, મહેમદાવાદી, વાસણીઆ, અડાળીઆ,	દેવાતજા	પીએજા, તારાપુરા, ખાંધલીઆ, મોગરાઆ.
કંજરીઆ, ભાળજા, ધોળકીઆ, બોરસદા	ડભાણીઆ	અણદીઆ, મોગરીઆ, મકેરીઆ
દેવાતજા, નેપાડા	તારાપુરા	ભાળજા.
મહેમદાવાદી, મકેરીઆ, તારાપુરા,	ભાળજા	અમદાવાદી,ડભાણીઆ,નેપાડા
મહેમદાવાદી, ડભાણીઆ, બોરસદા	મકેરીઆ	નેપાડા, દેવાતજા, મિત્રાલા

આ કોઠા ઉપરથી જણાશે કે એક અટકવાળો બીજી અટક વાળાને કન્યા દે છે, બીજો ત્રીજાને દે છે, અને ત્રીજો પાછો પહેલાને દે છે મતલબકે કોઠાવાળી અટકો વાળા અરસપરસ સમજ્યા છે. ગોયા તેમણે એક વાસ્તોજ બાધ્યો છે. જેથી તેમની કન્યા તેમનામાંજ વરે છે, ને વળી કોઇ અત્રાફી અટકવાળાને પોતાની કન્યા પાછળ સો બસો ખરચવાની શક્તિ હોય છે. તો ત પણ પોતાની કન્યા માટે નૌશા તેમાંથી પરખે છે. જેથી તેમને ઘણેખરે ભાગે હજી સુધી કન્યાની ખોટ નથી. વળી ઉપરનો કોઠો

જોવાથી જણાશે કે મહેમદાવાદી, કોઠામા બતાવેલી ઘણીખરી મોટી અટકો વાળાને કન્યા આપ્યા કરે છે. છતા મહેમદાવાદીને હજુ સુધી કોઇ મોટી અટકવાળાએ કન્યા આપી નથી. મારા ધારવા પ્રમાણે ચરોતરમા મહેમદાવાદીની વસ્તી ચોતરફ છે. તથા અસલથી તેઓમાના ઘણાખરા વભાવાળા તથા પૈસે ટકે સુખી છે. તોપણ કોઠામા બતાવેલી એક પણ અટકવાળાએ તેમનામા કન્યાનો ઉતારો ઠરાવ્યો નથી. એ મહેમદાવાદીઓએ આખ ઉઘાડી જોવા જેવું તથા સમજવા જેવુ છે. કેમકે સરખેસરખાની જ્યા ગોઠવણ થાય, અને એકપણ સરખો તેનો ભાવ ન પૂછે, તો તેવાએ તેમા ઉભા રહેવું કે નહિ તે સમજવુ તેમની મુનસફી ઉપર છે વળી અત્યાર સુધી અત્રાફી અટકો વાળામાં કન્યાની છત હોવાથી મહેમદાવાદી ઝટ પરખાતા, પણ હવે ચોતરફ પોતપોતાના જથા બંધાવાથી મહેમદાવાદીને હવે કન્યા ઘણી મુસ્કેલીએ મળે છે. પહેલાં જ્યારે અત્રાફી અટકોવાળામાં કન્યાની છત હતી ત્યારે મહેમદાવાદી નૌશા ઘોડીઆમાથી પરખાતા, અને તેમને એક પાઇ પણ ખર્ચ થતુ નહિ. પણ હાલમા તે સમય પલટાયો છે. હાલના વખતમાં તો મકેરીઆ, બોરસદા, મિત્રાલા, જેવો અટકોવાળાના ઘણાખરા નૈશા કન્યા વગરના જોવામા આવે છે. મતલબ કે જે અટકો વાળામાં કન્યાની એક બાજામા આપ લે છે. તેમા પણ આવા નૌશા જોવામા આવે તો પછી મહેમદાવાદી અને બીજી અત્રાફી અટકોવાળાના નૌશા કન્યા વગર રહે તેમાં શી નવાઇ ! ! જો અત્રાફી અટકવાળા વહોરાની સ્થિતિ સારી હોય છે, તો હાલના વખતમા મકેરીઓ, કજરીઓ કે દેવાતજો પણ તેની કન્યા પરણી જાય છે, પણ તેના નૌશાને બસો ચારસો ખરચતાં પણ કન્યા મળી શકવી મુસ્કેલ પડે છે. જો પોતાના છોકરાનુ ઠેકાણુ પડતુ નથી તો તેઓ મોટા થાય છે, ત્યારે ગામમાં તેમનો ભારબોજ પડતો નથી તથા તેઓ ડાંડ ગણાય છે. ગામમાં કોઇનો મશ્કરી ઠઠ્ઠો થાય છે, તો અલ્લા બલા તેને માથે પડે છે. કેમકે વિશેષ કરીને હાલત ગરીબ હોવાથી તથા ઘણેખરે ભાગે નાતમાં કુસંપ હોવાથી તેવાનુ નામ દેવામાં કોઇને જરાપણ અડચણ પડતી નથી. મતલબ કે બિચારા વહોરાજીની જાળવી રાખેલી આબરૂને ધોકો પહોચે છે હવે દીકરી દીધી હોય તેની હાલત તપાસીએ:—

એક દિવસ દીકરી આવી તેની માને કહે છે કે, મા, મા, મને ઊંચી જગાએ દીધી તેથી અલ્લા તમારૂ ભલું કરશે. મા કહે છે બેટા એમ કેમ બોલે

છે ? શું કહું મા, મારા સસરાને ઘરનું ઘર નથી, સીમમાં ખેતર નથી, પલ્લા તરીકે તેં સો રૂપીઆની જણસો અપાવી હતી તે પણ આડોસી પાડોસીની માગી તુંગીને લાવ્યા હતા. તે મારી પાસેથી તારા જમાઇ લઇ ગયા. અને જેની હતી તેને આપી દીધી. હવે અમને મારા સસરાએ જુદાં કહાડયાં છે, જેથી ભાડે ઘર લઇ રહ્યાં છીએ અને મહેનત મજુરી કરી પરાણે અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. માટે જો તું મારા બાપાની પાસેથી પચાસ રૂપીઆ મને અપાવે તો અમે કઇ વેપાર કરીએ. કહેવાની મતલબ કે એવા માણસને દીકરાના તથા દીકરીના તરફની મનમાં અમુજણુ રહ્યાજ કરેછે. અત્રાફી અટકવાળાને પોતાની કન્યા માટે સો બસો ખરચવા હોય છે તો હાલના જમાનામાં નેપાડો, દેવાતજો, કંજારીઓ વગેરે મોટી અટકવાળા-નો નૌશા લાવી શકે છે. તો પણ આવનાર માણસ પૈસા ટકામાં, આબરૂમાં, વભામાં વગેરે બાબતોમાં પૂરેપુરો હોય એમ ભાગ્યેજ બને છે. કેમકે તેવાને તો મોટી અટકવાળાઓ ઘોડીઆમાથીજ પરખી લે છે, જેથી ધારણા મુજબ નૌશા મળતો નથી. માટે ઓ પોતાનાં ઘર બંધ કરી, પારકાં ઘર ઊઘાડનાર ભાઇઓ, તમે તમારો સ્વાર્થ સમજતા થાઓ. કહેવત છે કે "પહેલાં ખ્વેશ પછી દુર્વેશ" આ ઉલ્માઓના કોલને ધ્યાનમાં લેતા થશો તો અલ્લા તમારૂં બહેતર કરશે, નહિતો તમારી બરબાદીજ સમજવી. વળી કુળવાન કુટુંઓ દરેક નાતમાં હોય છે એ હું કબુલ કરૂંછુ. પાટીદાર, સૈયદ, ગરાશીઆ વગેરેનાં કુળવાન કુટુંબોમા ઓરતોને પડદામાં રહેવાનુ હોય છે અને ખાવાપીવા તથા બચ્ચાની માવજત સિવાય તેમને કમાવા કજાવાની બીલકુલ ફિકર રાખવી પડતી નથી; જ્યારે આપણી નાતની કેટલીક કુળવાન બેનોને માથે બોળના ટોપલા લઈ ગામ પરગામ પોતાના પેટ અર્થે ફરવુ પડે છે ! અલબત કુળ બંધાયાં હશે ત્યારે આવો કઢંગો રિવાજ નહિજ હોય. પણ તે શાથી દાખલ થવા પામ્યો હશે, તેનાં કારણો આગળ ઉપર બતાવવાથાં આવશે. આપણીજ નાતની એક બાઇએ પોતાના કુળના અભિમાનથી તેના વેવાઇ સાથે જે બોલચાલ કરી હતી તેનું ટુંક બયાન હું અત્રે નોંધુ છુ.:—એક વખત નડિઆદમાં સોંથની પીપળી આગળ બુકસેલરની દુકાને હું બેઠો હતો. તેની સામેની દુકાનમાં એક નાત-ભાઇ વેપાર માટે મનીઆરાની ચીજો ખરીદતા હતા. તેવામાં પેલી બાઇ માથે ગાજરાંનો ટોપલો લઇ સોંથની પીપળી તરફથી આવી. તેણે પેલા

મનીઆરાની ચીજો લેતા ભાઇને દીઠો. તેથી તેણે કહ્યું કે હવે તમારી દીકરીને કયારે વળાવવાનું કહો છો, તે મને નક્કી કહે. ત્યારે તે ભાઇએ જરા વિચાર કરી ધીમે અવાજે કહ્યુ કે હમણાં મારો સવડ નથી. આ સાંભળતાં પેલી બાઇ ગુસ્સાથી લાલ પીળી થઇ જઇ કહેવા લાગી કે તમારો સવડ તો મહીને છ મહીને પણ નહિ આવે ! જો આમ હતું તો મોટાંનાં ઘર નહોતાં ખોળવાં ? તમને કોણે ઊંચા બાંધ્યા હતા ? આટલું કહી તે ચાલી ગઈ ! ભાઇઓ આ દાખલાથી તમને આપણી નાતની હાલની મોટાઇનો ખ્યાલ આવ્યો હશે.

વાસ્તા શાથી બંધાય છે તે.—ચરોતરના લેઉઆ પાટીદારો પ્રથમ અમદાવાદ કન્યાઓ ઊતારતા, પણ શહેરી લોકોએ આવી આબરૂદાર કન્યાઓનો મોભો ન જાળવ્યો, તથા તેમને દુ:ખ દીધુ, જેથી તેમણે બાર ગામ બાંધી અંદર અંદર કન્યા ઊતારવાનો ઠરાવ કર્યો. આવાં જબરાં જબરાં બાર ગામ બંધાવાથી અત્રાફી ગામના ખબરદાર પાટીદારો પણ તેમને પૈઠણ ભરીને કન્યાઓ આપવા લાગ્યા. જેથી તેમનામાં કન્યાઓની પુષ્કળ છત થઇ; માટે ગામડાંની કન્યાઓને ધિક્કારવા માંડી તથા એક ઉપર બીજી લાવવા માંડી. મતલબકે અનેક પ્રકારે ઘણી ખરી ગામડાંની કન્યાઓ દુ:ખી થવા માંડી. જેથી ઘણાં ગામડાંના પાટીદારોએ પોત પોતાનાં વળ પડતાં ગામમાં કન્યાના લેણદેણનો સંબંધ બાંધ્યો. આથી બાર ગામના પાટીદારોની આખો ઉઘડી. વળી બાર ગામના પાટીદારોમાં પણ સાત ગામમાં વધુ કન્યાઓ જવા લાગી, અને બાકીનાં પાંચ ગામમા તેમની કન્યાઓ ન આવવા માંડી. તેથી પાચ ગામના પાટીદારોએ પોતાનાં પાંચ ગામમાં કન્યા લેવા દેવાનો ઠરાવ કર્યો છે. મતલબકે જેમ જેમ કન્યાની ભીડ પડતી ગઈ તેમ તેમ જુદા જુદા એકડા બંધાતા ગયા છે. કોઇએ પોતે અને પોતાનું કુટુંબ સર્વ વાતે સુખી હોવા છતાં વાસ્તો બાંધ્યો નથી અને બાંધશે પણ નહિ

વાસ્તો બાંધનાર માણસ કેવો હોવો જોઇએ.—વસો વાળા ભાઉ સાહેબ એક સરદાર કુટુંબના ગણાય છે છતાં પોતાની નાતની કન્યાઓને સુખી કરવા માટેજ તેમણે બાર ગામ બાંધી એક સાધારણ પંક્તિના પાટીદારને ત્યાં પોતાની દીકરી આપી. બોરીઆવી વાળા મરઘાભાઇ પૈઠણ

ભરી પોતાની કન્યાઓ બાર ગામમાંજ આપતા તથા તેમને પણ ઝટ કન્યાઓ મળતી, છતા પોતાના વાસ્તાને સુખી કરવા માટે તથા પોતાના જેવા ભાઇઓને બીજા દાખલા જોગ થઈ પડવા માટે ચકલાશી ગામ જેવા નાના ગામમાં પોતાની કન્યા આપી. તે ગામમાથી તેમને કન્યા મળી હતી તો પણ કન્યા દેનારના કુટુબીને પોતે કન્યા આપવાની પહેલ કરી, એ શુ દાખલો લેવા જેવો નથી ? પછી એ વાસ્તો કેમ ન ચાલે ? વાસ્તામાં જે આગેવાન ગણાતા હોય તેજ ગંધ મૂકી દઇ કન્યા આપનારના કુટુંબીને કન્યા આપે તો પછી તેના હુકમનો અનાદર કરે એવો માણસ કોઇ મળી આવેજ નહિ. કેમકે વાસ્તામા જે સારામાં સારૂં ઘર ગણાય તેજ ગંધ મૂકી દઇ વસ્તામાં એટલા સર્વ ભાઇ છે તેમા કોઈ ઉચો કે નીચો નથી એમ ગણે તો પછી બીજો મિજાજ કરે તેને હજાર જણ થપ્પડ મારનાર મળેજ. આપણી નાતમાં, કોઠામાં બતાવેલી કન્યા લેનાર જાતોમા જેનો વળો સારો છે, અને જેને કન્યા તુરત મળી આવે છે તેને એકડો બાંધવાનુ કહીએ તે બધુ મિથ્યા છે; કેમકે દુઃખ વગર કોઇ ડામ ખાયજ નહિ. ખરી રીતે જોવા જઇએ તો જેવી રીતે પાટીદારોના બાર ગામ બંધાએલા છે, તેવી રીતે તે કોઠામા બતાવેલો અટકો વાળાએ પહેલાંથી એ એક જાતનો વાસ્તોજ બાંધી લીધો છે. જેથી તેમની કન્યા તેમનામાંજ વરે છે. તેમ વળી જેમ આખલુ ખાશી કરવાથી કબજે આવે છે તેમ બીજી અટકો વાળામાંથી જરા પૈસે ટકે સુખી હોય છે, તે પોતાની કન્યાઓને સુખી કરવા માટે તે સુખીઆ લોકોને શોધી કહાડી પરણાવે છે. માટે તેમને તો હજુ સુધી દુઃખ પડયુ નથી, અને જ્યા સુધી પાછળની અટકોવાળાએ એવી રીતના વાસ્તા બાધ્યા નથી, ત્યાં સુધી તેમને તો સુખનું સુખજ સમજી લેવુ. માટે હે મારા પ્યારા ભાઇઓ તમારે સુખી થવુ હોય તો તેવી રીતે વાસ્તા બાધો. મહેમદાવાદીથી માંડી તેમની પાછળની અટકો વાળાએ તેવી રીતે વાસ્તા બાંધવાની ખાસ જરૂર છે તે નક્કી જાણજો જ્યાં સુધી વાસ્તો બાંધશો નહિ ત્યા સુધી તમે સુખી થશો નહિ. હવે વાસ્તો બાંધનાર માણસ કેવા હોવા જોઇએ તે તપાસીએ (૧) વાસ્તો બાંધવાની શરૂઆત કરનાર માણસોને અથવા તેમના કુટુબમાં કન્યાની છત હોવી જોઇએ. (૨) પોતાની કન્યાઓ ઉચી અટકો વાળાને આપતા હોવા જોઇએ (૩) તેનામાં કોઈ પણ જાતની ખોડ ન હોવી જોઇએ.

આવો માણસ પોતાના વાસ્તાની આબાદી ખાતર પોતાની કન્યા કહેવાતા કુળવાનને નહિ પણ પોતાના બરોબરીઆ અગર કહેવાતા હલકી અટકવાળાને પણ જે ઘર સદ્‌ગુણી, છોકરૂં સુવાળુ, ભણેલુ અને બીજા સારા ગુણો વાળું હોય તેને આપવામા આગેવાની કરે, મનમાં અભિમાન ન રાખે, વાસ્તામાં પટેલ છે, એમ જણાવવા માટે ગોદડું ન માગે, અને મનમાં એમ સમજે કે હુ તો સર્વ ભાઇઓની રજ છું, તેવો માણસ જો વાસ્તો બાંધી કન્યા આપવાની પહેલ કરે તો ઈન્શા અલ્લાહ તઆલા તે વાસ્તો આબાદ થયા સિવાય રહેજ નહિ. પોતાની જે કન્યાઓ હોય તે પ્રથમ ઊંચી અટકો વાળાને પરણાવી દઇ પટલાઇ મેળવવા સો બસો રૂપીઆ ખરચી વાસ્તો બાંધવા તજવીજ કરવી, એ ધૂળ પર લીંપણ જેવું જાણવું. કેમકે દુનિઆ કહેવા કરતા જોએલું અવ્વલ દરજ્જે માને છે, તથા તે પ્રમાણે તુરતજ અમલ કરે છે. લોકોને શીખામણ દેતા અવ્વલ આપણે તે મુજબ વર્તવુ જોઇએ. છતાં તે મુજબ વર્તવામા આવતું નથી તો લોકો તેને ઠગ અને ધુતારો કહી નિંદી કહાડે છે, અને કોઇ તેનું કહેવુ કાન ઉપર લેતા નથી અને લેશે પણ નહિ. માટે તેવો ઢોંગ કદી કરશો નહિ. કેમકે તેમ કરવાથી ફક્ત તમારા પૈસાની ખરાબી તથા તમારી આબરૂની બરબાદી સિવાય બીજુ કાંઇ પણ તમે જોશો કે સાંભળશો નહિ. આમ કરવાથી ઘણા માણસો નિંદાયા છે, માટે તેથી અલગ રહેવું બહેતર છે કેમકે લડાઇના મેદાનમાં ઝટકાથી બીને જશના ડંકા વાગતા નથી. જેમણે અત્યાર સુધી મોટી અટકો વાળાને કન્યાઓ આપ્યા કરી હોય, પણ પોતાનો એકે નૌશા તેવી મોટી અટકવાળા તરફથી પરખાયો ન હોય અને કન્યાઓ પણ જોઇએ તેવા સુખમા ન પડી એમ જેમને અનુભવ થયો હોય તેમણે પોતાના કુટુંબનું તથા પોતાના જેવા બીજા ભાઇઓનુ ભલું કરવા માટે જેમ મોટી અટકો વાળા આઠ નવે માંહોમાહી કન્યા આપવાનો ઠરાવ કરી સુખી થયા છે, તેમ બીજા ભાઇઓએ પણ ગોઠવણ કરવી જોઇએ. તોજ બહેતર થશે. પ્રથમ આવો ઠરાવ કરનારા પાછા પડયા તેનાં અનેક કારણો મેં ઉપર બતાવ્યાં છે તેથી આપ ભાઇઓની ખાતરી થશે માટે આ બધી બાબતો નો વિચાર કરી વર્તશો તો નક્કી ફતેહમંદ થશો મેં પ્રથમ જણાવ્યું કે પહેલાં કપડવંજી ભાઇઓ ચરોતરમાં કન્યા ઉતારતા પણ મોડાસા તરફની કન્યાઓ તેમને મળતી બંધ થઇ તે વખતે તેમણે પોતાનો વાસ્તો બાંધ્યો.

તે વખતે કઠલાલ વાળાને વાસ્તાની ઉપજનો ભાગ આપવાનું કહી વાસ્તામાં આવવાનું કહ્યું. છતાં તે વખતે તે ન ગયા, પણ જ્યારે તેનો વાસ્તો બરાબર ચાલ્યો તે વખતે જેમ જેમ ગરજ પડતી ગઇ તેમ તેમ દંડ આપી આપીને મહુધીઆ, કઠલાલા, રૂદણીઆ, મહેમદાવાદી અને બીજી અત્રાફી અટકના ઘણા ભાઇઓ તેમાં દાખલ થયા છે. મતલબકે વાસ્તો બરાબર ચાલે તો ગરજના માર્યા આગળ જતાં બીજી અટકો વાળા આવે એ નક્કી માનવું. ભાઇઓ એક પાટીદાર પોતાની દીકરીને સારી જગાએ પરણાવે છે. તો ઘણે ખરે ભાગે તે બાઇના કરમમાંથી વાસીદું, ચારના ભારા, ભાત વગેરે ખેતીનાં કામ ઉતરે છે, અને ઘર ખાનગી કામમાં પણ જેટલું તેનાથી થઇ શકે તેટલું કરી પોતાનાં બચ્ચાંની માવજત કરી, પૂર્ણ સુખમાં પોતાની જીંદગી પૂરી કરે છે, અને કર્મ સંજોગે વિધવા થાય છે તો પણ તેને ખાવા પીવાનુ તો દુઃખ પડતુંજ નથી એમ કહીએ તો ખોટુ નથી. જ્યારે આપણામાંથી કોઇ કળીઆ વહોરાજીને પરખી લાવે છે તો ઘણું કરીને તેમના ઘરમાં હાંલ્લાં કુસ્તી કરતા હોય છે!! એટલામાંજ સમજો કે જનાર બેન કેટલીબધી સુખી થઇ જશે! ભાઇઓ આવી ઘણી બેનો પોતાનુ અને પોતાના કુટુંબનું ભરણ પોષણ કરવા ખાતર પોતાને માથે ખોળના અગર ભાજી તરકારીના ટોપલા લેઇ વેચવા નીકળતી આપણે હાલના વખતમાં જોઇ રહ્યા છીએ. વળી જેને વેપારમાં ગમ પડતી નથી તેવી બેન વિધવા થાય છે તો તેને ચાર પાંચ છોકરાં હોવા છતાં પણ બીજી જગાએ લાચારીથી નીકાહમા જવુ પડે છે! આવા આવા દેખાવ તમે જોયા છે અને જોશો. માટે આપણી નાતમાં ઘેર ઘેર માટીના ચુલા છે એમ સમજતા થાઓ, અને બાપના ખારા કુવામાં પડતું ન મૂકતાં તમારૂં તથા તમારાં બાળ બચ્ચાંનુ જે રસ્તે બહેતર થાય તે રસ્તો પકડો. વળી કેટલાક કળીઆ લોકો પોતાની કન્યાના પણ પૈસા લે છે. છતાં તેના છોકરાને કન્યા આપવામાં અચકાતા નથી! ભાઇઓ અત્રાફી અટકોવાળાએ તો ખાસ લક્ષમાં લેવા જેવું છે. કેમકે કન્યા પરણાવતાં સો બસો ખરચવા પડે છે અને પોતાના છોકરાને ચારસો ખરચતાં પણ કન્યા મળતી નથી અને મળે છે તો નાતના નહિ જેવા બંદોબસ્તથી, કન્યાનો બાપ જેમ કહે તેમ હાએ હા કહેવી પડે છે, અને કવચિત માંડવે આવેલા નૌશાને પાછો લઇ જવાનો

વખત આવે છે! ભાઇઓ, બાળલગ્ન વિષે ઉપર ઘણું લખવામા આવ્યું છે અને લખું છુ, કે આપણો નાતમા બિલકુલ બદોબસ્ત નહિ હોવાથી હવે સરકાર દરબારમાં આવા ઘણા કેસ જવાલાગ્યા છે જેથી તેમનો તથા આખી નાતનો ફજેતો હાલમા લુટાવા માડયો છે, અને સરકાર દરબારમા પણ આપણી નાતની હલકાઇ જણાવા માડી છે જેથી આવા કેસો બધ થવા માટે પોતાના બચ્ચાની લાયક ઉમરે શાદી કરો હંમેશા કન્યાથી વર મોટો ઉમરનો પસદ કરો. જે પોતાના ચાલતા ઉતારામા પોતાની કન્યાથી સહેજ મોટા નોશા નમળેતો હોય તો જુનો ઉતારો શોધો, અગર નવા ઉતારામા લાયક નોશા ખોળી કાઢો મતલબ કે જેથી આપણી નાતની ફજેતીના કેસ સરકાર દરબારમા ન ચઢે•તેમ થવા તજવીજ કરો વળી આપણી નાતમા હાલ જે કજોડા હોય અને જેથી ઔરત મરદના દાલ બેદીલ રહેતા હોય તેવાઓએ તુરત ફાર્ગતી કે તલાક આપવી કે જેથી ભવિષ્યમા નાતના તથા વર કન્યાના તથા તેમના માબાપના ફજેતા થતા અટકે. ભાઇઓ આ બાબત કડવી લાગે તેવી છે, છતા યાદ રાખજો કે જાલીમ દરદને દફે કરનારી દવા પણ કડવીજ હોય છે. છતા તેમના વપરાશથી દરેક ઇન્સાન તથા હેવાન ઇન્શા અલ્લા સુખી થાય છે. ભાઇઓ કજોડા વાળી ઔરતોને ફાર્ગતી આપવાથી લોકોમાં હલકાઇ માલુમ પડે એમ ઘણાનુ ધારવુ છે, પણ તે હલકાઇ બહુ થોડો વખત પહોચી વિસારે પડે છે, અને જો તે સાપના ભાગને પોતાની પાસે રાખવામા આવે છે, તો તેવી વખતે નોશાના જીવનુ જોખમ વહોરવુ પડે છે તેની ખુલ્લી બદચાલ સહન કરવી પડે છે, અને કોઇ લુચ્ચો માણસ તેને ભંભેરી ભોળવે છે, તો પોતાનો તથા પોતાના સગા વહાલાનો પુરો ફજેતો થાય છે. માટે ભાઇઓ દુનીઆની ખોટી મોટાઇ મેળવવા તમે આટલા બધા દુઃખ વહોરવાની સાથે અલ્લાહના ચોર ન બનો, જે દુનીઆ માટે દીનને તરક કરે છે તેને માટે શેખ સાદી સાહેબ કહી ગયા છે કે "મ બાદા દિલેઆં ફિરમાયા શાદ, કે હમ્દીનો દુનીઆ દેહદ ઇન્ બેબાદ"

અર્થ.- જે માણસો દુનીઆ માટે દીનની દરકાર રાખતા નથી તેમ-

નાં મન ખુશ ન થશે મતલબકે તે નીચ માણુસોની ઉમેદ બર ન આવશે.

માટે ભાઇઓ એવી બાઇઓને ફાર્ગતી આપવી એ સારૂં છે. કેમકે તેથી અલ્લાહ તઆલાના ગુન્હેગાર થતા અટકાય છે. તેમ સરકાર દરબારમાં, ગામમાં, નાત પરનાતમાં તેમ દેશ પરદેશ ફજેતો લુંટાતો અટકે છે. ભાઇઓ આપણામાંના ઘણા પોતાને મોટા ધારી ફારગતી આપતા નથી, જેથી તેમની કન્યાઓ ચો તરફ સંતાતી ફરતી તથા દુ:ખી થતી જોવામાં આવે છે. આથી શરાના પાબંદ મુસલમાનો લાનત મલામત કરે છે. રોજીમાંથી બરકત ઉઠી જાય છે. અને છેવટે કેહરે ઇલાહી નાજલ થાય છે. માટે મોટામાં મોટી આ હઠને તમે દૂર કંરશો તો તુરતા તુરત તેનો ફાયદો તમારા જોવામાં આવ્યા સિવાય રહેશે નહિ

ફાર્ગતી અગર તલાક આપવાથી ફકત બે ચાર દિવસજ પોતાની સહેજ વાત થઇ અટકે છે, પણ જો તેમ નથી કરવામાં આવતુ તો પોતાનું ને આખી નાતનું જાબજા નામ બદ થાય છે. આ સબધી નાતના તમામ ભાઇઓએ સમજવા જેવું છે. વળી આપણા દીનના સરદારે પોતાના કબીલામાં લગ્નનો સંબંધ બાંધ્યો હતો, જેથી તેમની મહોબત દૂધ અને સાકર મિસાલે થઈ હતી; માટે તે મુજબ જો આપણામાં થાયતો આપણા લોકો સુખી થાય. ભાઇઓ ચરોતરમાં મકેરિઆની ગણત્રી ઉંચામા છે, અને તેમને ડભાણીઆ, બોરસદા જેવી ઉંચાં અટકો વાળા કન્યાઓ આપે છે, એ સૌ જાણોછો; વળી સારસામાં મકેરિઆનો જથો વિશેષ છે, તથા સારસા ગામ ભર ચરોતરમાં છે, છતાં તેમનામાં પણ લગભગ અર્ધાં છોકરા કુંવારા તથા રંડાયલા છે, તો પછી અત્રાફી અટકવાળાના કુંવારા હોય તેની શી નવાઈ! આમ થવાનાં કારણોમાં પહેલુ કારણ પોતાના કબીલામાં સગપણનો સંબંધ નથી થતો તે છે. ભાઇઓ જમાનો બદલાતાં મોટા મોટા પહાડ ફના થઇ જાય છે. આદમી પણ હતા નહોતા થઈ જાય છે તેવી રીતે એક માના શીકમમાંથી પેદા થએલા ભાઇઓ સગા ભાઈ

કહેવાય છે. અને તેમને જે વિસ્તાર થાય છે. તે પિતરાઇ કહેવાય છે. તેને વળી બે ચાર પેઢીઓ થાય છે તો વખતે તેમાંનો એક બીજાની સગાઇ પણ નથી રાખતો. મતલબકે દિવસે દિવસે સગાઇનો સંબંધ ઢીલો પડી જઇ એક બીજામાં દુશ્મની પેદા થાય છે. માટે તેવું ન થવા પામે તેટલા માટે આપણા દીનના સરદારોએ પોતાના કબીલામાં સગપણના સંબંધ બાંધેલા છે. જો તેમ કરવામાં આવે તો આપણા લોક સુખી થયા સિવાય રહેજ નહિ. કેમકે કુટુબમાં સગાઇનો સંબંધ થવાથી ઘણાખરા છોકરા ઢંકાઇ જાય, અને જેટલા બાકી રહે તેને માટે આખા કુટુંબમાં સગાઇનો સંબધ હોવાથી લગભગ તમામ ભાઇઓ તજવીજ કરી તેને ઠેકાણે પાડે. હાલમાં વિવાહનો સંબંધ બાંધવાનો હોય છે, તો એક ચોરની માફક પોતાના કુટુંબીઓથી છાનામાના વાતચીત કરવામાં આવે છે. એટલા માટે કે રખેને મારૂં બગાડે. પણ જો ઉપર મુજબનો વહીવટ રાખ્યો હોય તો તેજ ભાઈ આપણે માટે તજવીજ કરે એ નક્કી માનવું.

કોઇ ભાઈ એમ કહેવા માગતા હોયકે તેથી આપણી હલકાઈ જણાય, પણ આમ કહેવું તદ્દન ખોટું છે. કેમકે દીનથી વાકેફ તમામ મુસલમાન કોમો તે મુજબ વર્તે છે. તેથી તે આપણને આ રિવાજ મુજબ વર્તવાથી હલકા ગણશેજ નહિ. ઉલટા તેમ નહિ વર્તવાથી આપણે હલકા થતા જઇએ છીએ. શાથી કે દિવસે દિવસે સગાઈ જુની થવાથી અરસપરસ સંપ હોતો નથી. તેથી વહોરા ભાઇનું અપમાન થતું જાબજા જોવામાં આવે છે. પણ કોઈ કસ્બામાં સિપાઇ બચ્ચાનું અપમાન બીજી કોમ વાળો કરતાં તમે જોયો છે? શાનો જોવામાં આવે? એક હાંકારો થતાં કાકા, મામા, અને માશીનાં પાંચ પચીસ જુવાનો તુરતા તુરત એકઠા થઇ જાય છે; જેથી ઠપકો દેવા આવનારના ઉલટા હોશ ખટ્ટા થઇ જાય છે! અને વીલે મહોડે નીચું ઘાલીને ઘેર ચાલ્યા જવું પડે છે. આ બધો પોતાના ગામમાં અને પોતાના કબીલામાં સગપણનો સંબંધ થવાને આભારી છે. માટે ભાઇઓ તમે આંખ ઊઘાડી જોતા અને સમજતા થાઓ.

મોજે સારસાના મેકેરીઆ કુટુંબનું ગણત્રી પત્રક. સને ૧૯૧૨.

ઘર	નામ.	ઓરતમરદ છે કે નહિ	પરણેલા છોકરા		કુંવારા છોકરા		રાંડેલા છોકરા	
			છોકરા	છોડી०	છોકરા	છોડી०	છોકરા	છોડી०
૧	ઇસબ જીવાભાઇ	બન્ને છે	૧	૨	૧	૦	૧	૦
૨	કાસમ કમાલભાઇ	,,	૦	૧	૧	૧	૦	૦
૩	કાસમ નબીજી અમીજી	,	૦	૦	૧	૧	૦	૦
૪	શાબન પીરજી	પોતેએક०	૦	૧	૧	૦	૦	૦
૫	કરીમ પીરજી	બાઇ છે	૩	૧	૦	૦	૦	૦
૬	દાઉદ નબીજી	બન્ને છે	૦	૧	૧	૧	૧	૦
૭	ઉમર સુલેમાન	એજન	૦	૦	૦	૦	૦	૦
૮	નબીજી અભરામ	પોતે છે	૨	૩	૦	૦	૦	૦
૯	ગફુર કમાલ	બન્ને છે	૧	૦	૦	૧	૦	૦
૧૦	ગફુર નબીજી	બન્નેછે	૧	૦	૦	૧	૦	૦
૧૧	હાશમ કમાલ	એજન	૦	૧	૧	૦	૦	૦
૧૨	રસુલ જીવાભાઇ	,,	૦	૦	૦	૨	૦	૦
૧૩	ફકીરા ઉમરભાઇ	બાઇ છે	૦	૧	૦	૦	૦	૦
૧૪	મહમુદ નબીજી	,,	૦	૧	૧	૦	૦	૦
૧૫	વહેલજી ચાંદજી	બન્ને છે	૧	૧	૦	૦	૦	૦
૧૬	સુલેમાન નબીજી રસલ	પોતે છે	૦	૦	૦	૦	૧	૦
૧૭	ઉમર ઘેલજી	બન્ને છે	૧	૦	૨	૧	૦	૦
૧૮	સુલેમાન નબીજી આદમ	એજન	૧	૦	૦	૦	૦	૧
૧૯	ગફુર મહમદ	બન્ને છે	૦	૦	૨	૨	૦	૦
૨૦	અસમાલ ચાંદા નુરજી	પોતે છે	૦	૦	૦	૦	૧	૦
૨૧	અસમાલ અભરામ	એજન	૯	૧	૦	૦	૦	૬
૨૨	હસન ચાંદજી	બન્ને છે	૦	૦	૧	૧	૦	૦
			૧૦	૧૬	૧૧	૧૦	૪	૨

આ પત્રકથી તમોને ખાત્રી થશે કે ૨૨ ઘરમા ૧૦ છોકરા પરણેલા, ૧૧ કુંવારા, અને ચાર રંડાએલા, મળી એક દરે છોકરાની સંખ્યા ૨૫ છે. અને છોડીઓમા ૧૬ પરણેલી, ૧૦ કુંવારી, ૨ વિધવા, મળી ૨૮ થાયછે. જો આમનુ સગપણ અંદર અંદર થાય તો આ બાવીસે ઘર ગોયા (જાણે) એકજ હોય તેમ થાય, એમાં શક સમજવો નહિ. માટે ભાઇઓ ચાલુ

જમાનાને અનુસરા સર્વ ભાઇ એક થાય તેવા રસ્તા બાંધશો તોજ સુખી થશો.

લગ્નમા બૈરાં ગીત ગાય છે તેમાંનાં ઘણાં ખરાં ફુફર અને શીરકવાળાં હોય છે માટે તેવા ગીત આયંદે ન ગવાય તેમ તજવીજ કરવી. માટે આ સબંધી પણ ઘટતો સુધારો થવાની જરૂર છે. લગ્ન પ્રસંગના આ સિવાય બીજા ઘણા રિવાજ એવા છે કે જે શરીઅત મુજબ નથી. છતા તેટલા બધા સુધારા એકદમ થવા મુશ્કેલ ધારી નોધતો નથી. ફક્ત જે રસમથી આપણો ધિક્કાર અને ફજેતો થાય તથા દીન અને દુનિઆમાં ઇજા પહોચ છે, એવી રસમો દૂર થવા આપને અરજ ગુજારવામા આવી છે.

નાત વરા.

આપણા લોકમા (૧) છોકરાની મુસલમાની પ્રસગે (૨) દીકરા કે દીકરીના લગ્ન પ્રસગે (૩) ઓરતના સતવાસા પ્રસગે (૪) મરણ પ્રસગે વગેરે પ્રસગે નાતવરો કરવામા આવે છે. આમા મરણ પ્રસગે નાતવરો કરવોજ પડે એમ ગુદરસ્તાથી સૌ માનતા આવ્યા છે, અને જો કોઈ નથી કરતો તો તેને માટે તાનો તીશનો થાય છે, અને બીજા પ્રસગોએ નાતવરો પોતાની શોભા માટે કરવામાં આવે છે. શરીઅતમાં સતવાસા વખતે નાતવરો કરવો નહિ એમ છે, છતા દેખાદેખીએ એ રિવાજ પેઠેલો છે. જે લોકો મુત્તકી અને પરહેજગાર છે તે આવા નામનુ જમણ જમતા નથી જેથી જેમ બને તેમ સતવાસાની ધામધૂમ ઓછી થાય એમ થવુ જોઇએ. આ સિવાયના બીજાં જમણ થાય છે, એ ઠીક છે. કેમકે સારે નરસે પ્રસગે જે તનના માણસો હોય છે, તે લોકો પોતાની જાતનુંજ કામ સમજી શામેલ રહે છે. જ્યારે બીજા માણસો તેના તરફથી જે વિવેક થાય છે, તે સમજી તેમા શરીક રહે છે. કહેવત છે કે "વરને કન્યાનો લાભ અને જાનૈઆને જમવાનો લાભ." આવા ઉમદા હેતુથી નાતવરા કરવાનો રિવાજ પડયો હશે. પણ વખત જતાં ખોટી મોટાઇને લીધે તેવાં ખરચ ઘણા લાબા કરી નાખ્યા છે. જેથી ફાયદાને બદલે ઉલટું નુકસાન થાય છે. ઉપર જણાવવામા આવ્યુ છે કે જ્યારે મીલો નહોતી ત્યારે ઘણુ ખરૂ દેશી કાપડ આપણા સુતર વડે તૈયાર થતુ. જેથી દરેક માણસ પોતાના ગજા પ્રમાણે બસેં પાચસેં પેદા કરતો. વળી નફો પણ મળશેજ એમ સર્વની ખાતરી હતી. તથા તે લોકો બહુ કરકસરીઆ, તથા જોઇ જાળવીને ખરચ કરનારા હતા. તેથી તેઓ ફાવે તેવા ખર્ચનો બોજો ઉપાડી શકતા, અને વહેવારમાં ખામી આવવા દેતા નહિ. પણ હાલના વખત-

માં તે ધંધો મીલોને લીધે બેશી ગયો છે. જેથી બીજા ધંધા કરી મુશ્કેલીથી પોતાનું ગુજરાન ચલાવે છે. છતાં પોતાના બાપદાદાનાં કરેલાં સારાં ખર્ચ તાજાં રાખવા માટે તણાઇ મરીને પણ તેવાં ખર્ચ કરી, પોતાને અને પોતાનાં બાલ બચ્ચાંને હમેશને માટે ગરીબ બનાવે છે. વરો વીત્યા પછી માગનારા જીવ ખાય છે. ત્યારે ખાનારા પાછળ આંગળીઓ કરે છે, અને દેવુ નથી અપાતુ તો લેણદાર વાર તહેવાર કે લગન પ્રસ ગે જપ્તી લાવી લોકમાં ફજેત કરે છે. ત્યારે ભાઇને કઇને કંઇ સંતાઇ જવું પડે છે! નાતમા પટેલ ગણાતા હોય અને હમેશ પાંચ દશ માણસ સાથે બેસી વાતોના તડાકા મારતા હોય તેને આવે સારે ટાણે સંતાઇ જવું પડે છે; જેથી તેને ગામ પરગામ ફજેત થવુ પડે છે. માટે હે મોટાઇમાં તણાઇ જઇ ગજા ઉપરાત ખર્ચ કરનારા ભાઇઓ, તમે આ કામથી તદ્દન પાછા હઠી જાઓ આનાથી સેકડો ભાઇઓ ભૂખે મરતા થયા છે. અને તમે પણ પસ્તાશો જનાબ શેખ સાદી સાહેબે કહ્યું છે કે

" અબલહી કે રોજે રોશન શમઅ કાફૂરી નિહદ;
ઝૂદ બીની કસ બશબ રોગન નમાનદ દરચેરાગ."

અર્થ:—જે માણુસ દિવસે કપૂરની મીણબત્તી બાળે છે તેને માટે તમે થોડા વખતમાં જોશો કે તેને રાત્રે બાળવા કોડીઆમાં દીવેલ પણ નહિ મળે.

ભાઇઓ 'પિદરે મન બાદશાહ બૂદ' મારા બાપ બાદશાહ હના એટલે કે મારા બાપ દાદાએ મોટાં ખર્ચ કર્યા હતાં. નો ફાંકો ઘણામા જોવામાં આવે છે. પણ તેમને જણાવી દેવું કે 'તોરા ચે' (તારે શું ?) મતલબ કે તારા બાપ દાદા પાસે દોલત હતી, તે વખતે કમાઇ પણ બહુ હતી વળી તે કરકસરથી પોતાનું હમેશાં ગુજરાન નભાવતા હતા. તો તેમણે મોટા નાત વરા કર્યા હતા. હાલમાં તેમના જેવી હાલત તારી નથી માટે તારે તણાઇ મરવાનુ કારણ નથી. એમ દરેકે તેને શિખામણ આપવી, અને તેણે પણ જાતે સમજવું જોઇએ. મોટાઇ મેળવવાની ઇન્તેજારી દરેકમાં હોય છે. તેને લીધે દરેક માણુસ પોતાના નફસને દબાવી શકતો નથી. જેથી આગળ ઉપર મારી અને મારાં બચ્ચાંની કેવી હાલત આવશે, તે પણ વિચારી શકતો નથી, અને પોતાની જાતે ૮૦ હાથના ધોધમાં પડતું મૂકી ગેબી માર ખાય છે આમ ન થવા પામે તેને માટે શીઆ વહોરાની અકલમંદ કોમે જે ગોઠવણ કરી છે, તે આ નીચે નોંધું છું—એક ગામમાં એક શીઆ વહોરાની દુકાન હતી, ત્યાં

તે મનીઆરૂં તથા ગાંધીઆટું વેચી પોતાનું ગુજરાન ચલાવતો. તેની પાસે પૈસા ટકા નહોતા. શહેરમાંથી સો બસોનો માલ અંગ ઉધારે લાવતો. તે વેચી પોતાના પોષણ જેટલુ કમાતો હતો. તેને એક છોકરો હતો. તેની ઉંમર સાત આઠ વર્ષની થઇ એટલે તેની મુસલમાનીના વિચારમાં તે પડયો. પણ મુસલમાનીમાં જમાતને ખવરાવવું જોઇએ. વળી તેના બાપ દાદાએ સારાં ખર્ચ કરેલા તે મુજબ તેણે પણ કરવું જોઇએ. પણ પાસે પૈસો ન હોવાથી બહુ દિલગીર થવા લગ્યો. આખર તેણે પોતાની દુકાન વેચાણ આપવાની છે, એમ લોકને જાહેર કર્યું. જેથી દુકાનની માગણી ચારસેં પાંચસેં થવા લાગી. આથી તેને હિંમત આવી અને પોતાના મુલ્લાજીને નીચે પ્રમાણે જણાવ્યું.

જનાબ મવલાના મુલ્લાજી સાહેબને અરજ ગુજારવાની કે મારા દીકરા ફિદાહુસેનની મુસલમાની વખતે મારે સાતસે ભાઇની જમાઅત કરવી છે. માટે તેનો હુકમ આપો કે જેથી હું સીધું સામાન તૈયાર કરૂ.

મુલ્લાજીનો જવાબઃ—ભાઇ ગુલામઅલી, તમારૂં ખત વાંચી હું બહુ ખુશ થયો છુ. તમે સાતસેં ભાઇને જમાડવા માટે લખો છો, પણ તે તમારા ગજા બહારની વાત છે. હજુ તમે ઉછરતાછો જેથી દુનિઆમાં શુ કરવાથી આપણો ભારબોજ પડે તેની તમને બોલકુલ ખબર નથી. તમારા બાવાજી બહુ ભલા માણસ હતા, અને હમને પૂછ્યા સિવાય પાણી પણ નહોતા પીતા. એમ કહીએ તો પણ ખોટુ નથી. તેને બદલે તમે તમારી જાતે ૭૦૦ માણસની મંજુરી માગોછો એ જોઇ હુ બહુ ફિકરમાં પડયોછું. પણ હવે આવેલુ કામ કાઢયા વગર છુટકો નથી, એમ જાણી તમને લખુંછુ કે, પચાસ આદમીની જમાઅત કરવા સીધુ સામાન તૈયાર કરીના. ૧૦ મી શાબાન ઉપર તમારૂં કામ ફતેહમંદ કરો. અલ્લા તમને નેક હિદાયત દે. આમીન.

જુઓ ભાઇઓ આ કેવો ધડો લેવા લાયક દાખલો છે, આવો અંકુશ આપણી નાતમા પણ મૂકવાની જરૂર છે. મેં આગળ જણાવ્યુ છે કે પોતાના કબીલામા લગ્નનો સબંધ નડિઆદી ભાઇઓએ બાંધ્યો છે. જેથી હાલ તેઓ ઘણા સુખી થયા છે. વળી સુખી થવાનું બીજુ કારણ તેમણે વરાવાજનમાં લાંબા ખર્ચ તદ્દન બંધ કર્યા છે તે છે મે એમ પણ સાંભળ્યુ છે કે મુએલાની મહેમાની સંભારે તેનો અમુક દંડ ઠરાવ્યો છે. મતલબકે તે બાબતનો તાનોતીશનો નાતે તદ્દન નાબૂદ કર્યો છે. જેથી તેઓ કેટલાબધા સુખી થયા છે. જો તેઓએ આ કાયદો ન બાંધ્યો હોત

તો તેઓ આટલાબધા સુખી થાત નહિ. કેમકે બે ચાર વર્ષ કમાય તેવામા એક ખર્ચ કરે તેમા રૂપીઆ પાચમે સાતમે નુ પાણી થઇ જાય. જેથી બિચારો હતો તેવો ને તેવો ધોએલા મૂળા જેવો રહે એમા શી નવાઇ ! વળી વેપારમાં હમેશાં નફો મળ્યાં કરશે એમ પણ ધારી શકાતુ નથી, અને હરેક ટાણે વરો કરવાનો વહીવટ હોય તેને કાઇ વખતે પોતાની સ્થાવર જંગમ મિલકત વેચી ભિખારી ન થવું પડે એવુ કોણ કહે છ ? જરદો અને બીરીઆની ખવરાવી, અતિ પ્યારમા ઉછેરેલા પોતાના બાલબચ્ચાને રોટલો અને કદી પણ ન મળે એવો વખત તેમનો આવ્યા વગર રહેતો નથી એ નક્કી જાણજો. આથી મારો લખવાનો ભાવાથ એવો નથી કે નડિઆદી ભાઇઓ બીલકુલ નાતવરો કરતાજ નથી જેઓ પૈસે ટકે સુખી છે, તેઓ વખતે પોતાની જમાઅત ખવરાવે છે, પણ આપણા ભાઇઓ માફક તણાઇ મરીને નહિ જેને પાચ પચીસ હજારની પુંજી હોય છે, તે પાચસેં સાતસેં રૂપીઆ ખરચે છે, પણ આપણી માફક જણસ ભાવ કે ઘર ખેતર વેચીને ફકત ખોટી મોટાઇ ખાતર ફનાફિલ્લા થઇ જતા નથી, એ નક્કી જાણવુ. અને એવી રીતે ફનાફિલ્લા થઇ ગયા હોત તો ખેડાજીલ્લાના મોટામા મોટા નડિઆદ શહેરમા તેમનો ભાજી સાટે પણ ભાવ ન હોત પણ તે દૂરદેશી ભાઇઓએ આગળ ઉપર નજર પહોચાડી, તે ગેબી માર મારનાર મોટા દુશ્મનને હાંકી કાઢ્યો છે, જેથી તેઓ અમનચેનમા છે જે લોકો પૈસાદાર થઇ પ્રમાણમા દીનીતાલીમ, કેળવણી અને બીજા ખર્ચમા પૈસા ખરચે તો તે ખોટુ નથી

વળી જેઓ પોતાની નાતના તથા મુસલમાન કોમના ભલામા ભાગ લે છે તેમને નામદાર સરકાર પણ માન આપે છે દાખલા તરીકે નડિઆદના મરહુમ હસનભાઇનામે દુઇ અટકથી ઓળખાતા આપણા નાતભાઇ નડિઆદ મ્યુનિસિપલ બોર્ડમા મેમ્બર હતા. તેઓ શહેરની બહેતરીમા પોતાનો ઉમદા ટાઇમ ગુજારતા. જેની કદર કરીને મહેરબાન કલેકટર સાહેબ બહાદુર ભરસભામાં તેમને માન આપતા વળી તેમના બેહિસ્તનશીન થયાની યાદગીરીમા શહેરમાં પાકી પડી હતી. વળી તેમની પાછળ તેમના શોક કરતા કુટુંબને દીલાસો આપવા સાહેબ બહાદુર પડે તેમને ઘેર તશરીફ લઇ ગયા હતા ! ! ! ભાઇઓ, આ શુ ઓછુ માન છે ? તેઓ મરહુમે પરોપકારનાં કામ કરી પોતાની દુનિઆ તથા આખેરત સુધારી છે, અલ્લાહ તેમને જન્નત નસીબ કરો. આમીન. વળી બીજા ભાઇઓને દાખ-

લો લેવાનુ થયું છે માટે હે તવંગર મુરબ્બીઓ તમે પણ તે પ્રમાણે વહીવટ રાખો અને નકામી ફુજુલ ખર્ચી છોડીદો. મતલબકે પૈસા સંઘરી રાખેજ મોટાઈ મળતી નથી. પણ તેમાથી રીતસર પરોપકાર થવો જોઇએ કહેવત છે કે—

બુઝુર્ગી બ અકલ અસ્ત ન બસાલ
તવાન્ગીરી બદિલ અસ્ત ન બ માલ

અર્થ —મોટાઇ અકલની સાથે છે, પણ ઉમરની સાથે નથી. તેમ ગૃહસ્થાઇ સખી દીલ ઉપર છે, પણ માલના ઉપર નથી. માટે નેક કામના પ્રમાણમા ખર્ચ કરવુ એ સારૂ છે. ભાઇઓ, હસનભાઇએ પચીસ હજાર રૂપીઆ ખરચાં નાતમેળો કર્યો હોત તો તે આટલુ બધું માન પામત ? જવાબ, નહિ. કેમકે એ તો ઘણા માણસોની એક દિવસની ઉજાણી માટે એક માણસનુ ખૂન કરવા જેવો રસમ છે, તેને માન અકરામ શાનું હોય ? અને મળવુ નજ જોઇએ માટે ભાઇઓ જે વરો, ન કરવાથી મહેણું રહે એટલું ખરચ કરવુ. અગર જે ગામમાં સો બસે ઘરની વસ્તી હોય તેમણે પોતાને લાગતા વળગતા ઘર ખવરાવી ચૂપચાપ થવું. મોટો વરો કરી પસ્તાવાનો વખત લાવશો નહિ. મારૂ લખેલું ચોપડીમાં સંતાઇ જશે, પણ તે મુજબ વર્તશો તો તમને ફાયદો થશે.

વળી નાતવરામા આપણા લોકોમા ઘી ઉપર પીરસવાનો ચાલ છે, એથી વરો કરનારને ખર્ચ વધારે થાય છે, તથા ખાનારને જોઇએ તેવી મજા પડતી નથી કેમકે જે નાજુક મિજાજના હોય છે, તેમને ઘીથી તરબતર ખાણું ભાવતુ નથી અગર પચતુ નથી. તેમ જે લોકો હંમેશા ખાઈ રહેલા હોય છે તે "ધાન્ય પારકું અને પેટ પણ પારકુ" એમ સમજી અકરાંતીઉ ખાય છે. જેથી ઘણાખરાના પ્છડાં ફૂટી જાય છે ! માટે આ બાબત નાતના આગેવાનોએ ધ્યાનમાં લેવી જોઇએ. ભાઇઓ હિન્દુ અને મુસલમાનની તમામ સમજુ કોમોએ હાલના વખતમા પોતપોતાની નાતમા ઘી ઉપર નહિ પીરસવાનો પાકો બંદોબસ્ત કરી દીધો છે. જેથી નાતવરા કરનારને ખર્ચ કમી થાય છે, અને ખાનારને બહુ મજા પડે છે; માટે જે રસમથી ખર્ચ વધારે થાય તોપણ ખાણું ઢોરનુ કહેવાય તેમ ખાનારની તદુરસ્તી બગાડે એવી રસમને છોડવાની આપને ભલામણ કરૂં છુ.

વળી ઘણે ખરે ભાગે આપણા લોકો નાતવરામાં સફાઈ ઉપર જોઇએ

તેવી દરકાર રાખતા નથી, તેથી ખાનારને જોઇએ એવી રમુજ પડતી નથી, અને ખવરાવનારને જશ મળતો નથી. તેના કારણ એક કળશી ચોખા રૂપીઆ છપ્પન ખરચી લાવે છે, પણ તેમાથી કાકરી અને તરીઆ વગેરે વીણાવવા માટે અર્ધો રૂપીઓ ખર્ચ કરતા નથી. વળી ચાર મણ ઘી રૂપીઆ ૮૦ ખરચી લાવે છે, પણ તેને ભરવાના કુલ્લા અગર ડબાને સાફ કરાવ્યા સિવાય તેમા નાખે છે. વળી દોઢસો કે બસો રૂપીઆ ખરચી પચના વાસણ લાવેલા હોય છે, છતા તેને કલાઇ ચડાવવામા બે ત્રણ રૂપીઆ ખરચ કરતા નથી અગર કલાઇ ચડાવેલી હોય છે તો આમલીના કુચા તથા છાશ નાખી તે વાસણો સાફ કરાવતા નથી, તેમ એઠા થએલાં વાસણો પણ જોઇએ તેવા ધોવાતા નથી વળી, જે જગ્યાએ વરો થાય છે, ત્યા ચોતરફ કુતરા બિલાડા ન આવી શકે એવો પાકો બદોબસ્ત પણ હોતો નથી (આને માટે હિન્દુ લોક ધર્મશાળાઓ તથા સમજુ મુસલમાન કોમેએ જમાતખાના બધાવ્યા છે, તે મુજબ દરેક મોટા ગામમા આપણી નાતે પણ તેવુ મકાન બધાવવુ જોઇએ.), આથી ખાતી વખતે કુતરા અદર દોડાદોડ કરી મૂકે છે ખાવાની સાથે સોપારીનો મુખવાસ ચાલુ થયો હોય એમ દાતની વચ્ચે કરકર અવાજ થવા લાગે છે, ખાણામા કાટની લીલાશ દેખો દે છે, અને ઘી પણ ધોયા સિવાયના ડબામા હોવાથી છાક મારે છે. માટે સો બસે પાચસેં ખર્ચ કરનાર ભાઇઓ, જો તમને જશ પ્યારો હોય, તમારા ભાઇઓની સુખાકારી જાળવવી હોય, તો ખાણામા સફાઇ ઉપર પુરતુ ધ્યાન આપો. ઘી, ઉપર રેડવાનો વહીવટ બધ કરો.

ભાઇઓ કસાર, મલીદો, ખાડ ચોખા વગેરે ખાણાંમા ઘી, ઉપર પીરસવામા આવે છે, અને જરદો, પુલાવ, બીરીઆની વગેરે ખાણાં તૈયાર થતાની સાથે તેમા ઘી નાંખે છે, છતા જરદો અને બીરીઆનીનુ ખાણુ આપણામાં સારામા સારૂ ગણાય છે. કંસાર તથા મલીદા કરતા ખર્ચ પણ કમી થાય છે. આથી આપણે વિચારવુ જોઇએ કે જે રસમથી ખર્ચ વધારે થાય, ખાણું બેતમીઝ ગણાય, જેના ખાવાથી ઘણા ખરા લોક ચુકાય તથા કટાળે, તેને બદલે જે રસમથી ખર્ચ કમી થાય, બિગાડ ઓછો થાય, જેને ઉમરાવ લોક પણ ચાહીને ખાય, તથા ફોરન પચી જાય, તથા ખાણુ તમીઝદાર ગણાય તેવી રસમ આપણે અખત્યાર કરવીજ જોઇએ. વળી કાચુ ઘી ખાવાથી તે આપણને જેટલો ફાયદો આપે છે તેને બદલે તેને ખોરાક સાથે પકવવાથી વધારે ગુણકારી બને છે. વળી

ઉપર ઘી નાખવાથી જેટલું ખાવામાં વપરાય છે, તેટલો બિગાડ થાય છે, માટે ખાંડ ચોખા, કંસાર, મલીદો વગેરે ઉપર ઘી નાખવાનાં ખાણાં ન બનાવતાં પુલાવ, બીરીઆની, જરદો વગેરે ચીજો બનાવવી એ ફાયદા કારક છે મુસલમાન તથા હિન્દુ કોમની આગેવાન જાતોએ ઉપર ઘીનાં ખાણાં બંધ કરી, અંદર ઘી નાખવાનાં ખાણાનો વહીવટ કર્યો હશે, તે લોકોએ ફક્ત ખરચ ઓછુ થાય એટલા માટે નહિ, પણ તેમાં ઘણા ફાયદા જોઇ તપાસી તેવી રસમ દાખલ કરી છે માટે આપણે પણ આપણો જુનો અને બે તમીઝ ગણાતો, તથા ઘણો બિગાડ કરાવતો ઉપર ઘી પીરસવાનો રિવાજ દૂર કરવો, એ વાજબી છે કેટલાક એમ સમજે છે કે અંદર ઘી નાખીએ તો બરાબર જશ મળે નહિ પણ એ તેમનુ ધારવુ ભૂલ ભરેલું છે, કેમકે જે ખાણામાં જેટલુ ઘી જોઇએ તેટલુ ઘી તે ખાણામાં ભેળવવામા આવે તો તે એવુ લજ્જતદાર થાય છે, કે ઉપર ઘી ખાવાનું પસંદ કરનાર માણસ એ ઘડી પોતાનુ મૂળનુ ખાણુ ભૂલી જાય છે, અને તેના મનમાં ખાત્રી થાય છે કે આજ ખોરાક ફાયદાકારક છે, પછી મણે દશશેરીકું ઘી નાખવુ જોઇએ તેને બદલે ફક્ત ત્રણશેરીકું નાખે તેમા જોઇએ તેવો સ્વાદ ન હોય એ ખુલ્લુ છે. આ બાબત આગેવાનોએ દેખરેખ રાખવી જોઇએ.

ભાઇઓ, નાતવરા કરવાનો ચાલ તદ્દન બંધ કરવા જેવો છે કેમકે દરેકના મરણ પ્રસંગે તેમના વારસોની અગર કુટુંબીઓની હાલત એક સરખી હોતી નથી છતા નાતના મહેણાને લીધે બિચારાને વહાલી જણસ વેચીને અગર સગા વહાલા આગળ ખોળા પાઘડીઓ કરીને તેમને આવ્યુ ખરચ કાઢવું પડે છે આથી ગરીબની હાલત સુધરવી જોઇએ તેને બદલે ઉલટી બગડતી જાય છે માટે નડિઆદી ભાઇઓની માફક આ બાબતનો તાનોતીશનો તદ્દન રદ બાતલ કર્યા સિવાય આપણા લોકની હાલત સુધરવાની નથી. જેની હાલત પૈસે ટકે સારી હોય અને તેની નાતવરો કરવાની મરજી હોય તો નિઆજ તરીકે અગર કોઇ બીજા નામથી તેને ત્યાં પંચના ભાઇઓએ ખાવુ, પણ મારા ફલાણાની મહેમાની હુ કરૂ છું, એ તરીકે ખાવુ ન જોઇએ કેમકે એ રિવાજ એક કરની મિસાલ છે. વળી દરેકને ત્યા જન્મ મરણ થયાજ કરવાના, પણ દરેકની હાલત દરેક વખતે એક સરખી નહિ રહેવાની એ નક્કી છે. જેથી એક વખતે થાય તો બીજી વખતે હાલત સારી ન હોય છતા પણ તે મુજબ નાતવરો કરવાનુ મન થાય. માટે મરણ પ્રસંગે નાતવરો નહિ કરતા પોતાને ઉલટ આવે નાતવરો

કરે એ વધારે ચહાવા જેવું છે. વળી નાતવરામાં સફાઇ ઉપર ખાસ ધ્યાન આપવું તથા વહાડી ફેરવવાનો વહીવટ કમી કરવો.

પરચુરણ બાબતો વિષે

આજથી આશરે પચાસ સાઠ વરસ ઉપર કેટલાક વાણીઆ તથા બીજા સાહુકારો આપણુ નામુ લખવા રહેતા, વળી તેમની બેન દીકરીઓની પલ્લાની જણસો અનામત તરીકે આપણી કોમના માતબર ભાઇઓને ત્યાં મૂકતા, વળી તેમના ઘણાં ખરા નૈરા આપણે ત્યા સુતરના પાશેરા કાતી આપી જતા તથા બીજી ઘણી તરેહની જાત મહેનત કરતા. તેને બદલે હાલના વખતમા આપણા કેટલાક ભાઇઓ બજારમાં કોથળા, પોટલાં ઊચકવાની મહેનત કરે છે વળી કેટલાક પોતાની જણસો મૂકી રૂપીઆ વ્યાજે ઉપાડી લાવે છે, તથા કેટલાંક બૈરાં પોતાના ગુજરાન માટે ખોળના તથા શાક ભાજીના ટોપલા લઇ ગામપરગામ વેચવા જતાં આપણે જોઇએ છીએ. આવી માઠી દશા આવવાના કારણ આપણેજ ઊભાં કર્યા છે. કેમકે આશરે પચાસ વરસ ઉપર આપણા લોકો પૈસે ટકે ઘણા સુખી હતા. કારણકે હાલ જે મીલો ચાલે છે, તે પહેલા નહોતી. તેથી બધુ કાપડ દેશી વપરાતુ, માટે સૌ કોઇ પૈસાની શક્તિ પ્રમાણે બસે પાચસે પેદા કરતાં. છતા તે વખતના લોકો બહુ કરકસરીઆ હતા, માટે આવ્યું ખરચ કાઢતા પાસે બે પૈસા બચાવી શકતા પણ ત્યાર પછી મીલો શરૂ થઇ તેમા લાખો રૂપીઆ રોકવા જોઇએ તે ન હોવાથી કાપડની બધી કમાણી કમી થઇ ગઇ, છતાં ખરચ ખટણ વધારતા ગયા, જેથી વખત જતાં ગરીબ હાલત આવતી ગઇ. દરરોજનુ ખરચ વધવાની સાથે ગજા ઉપરાંત નાતવરા કરવામાં આવે છે, તેથી પણ ઘણાખરા ભાઇઓ ઘરબાર વિનાના થઇ જવા માંડયા છે. તેથી પોતાની જીદગીમા પોતાના ગુજરાન માટે ઘણા ગામ બદલી નાખે છે. તેથી લોકે કહેવા માંડયું છે કે "વહોરાને ગામ નહિ અને ગધેડાને ગમાણ નહિ" વળી લોકો ખોટી મોટાઇમા એક બીજાનુ જોઇને તે પ્રમાણે કરે છે. જો એક ભાઇ પૈસેટકે સુખી હોય અને તે પોતાની ઓરત માટે બસેં પાચસેની જણસો કરાવે છે, તો તેનો દાખલો જોઇ તેનો ગરીબ ભાઇ પીતરાઇ હેતુ કરીને પણ જણસો કરાવે છે. અને વારતહેવારે જણસો વાપરી આડે દહાડે જેને ત્યાથી પૈસા ઉપાડયા હોય તેને ત્યા મૂકી આવે છે. મતલબકે થાપડ મારી મો રાતું રાખે છે, અને પોતાનો વક્કર ગુમાવે છે. નાતવરા કરવામા પણ મોટાની બરાબરી કરવાની કુટેવ અકસર કરીને જોવામા આવે છે. આવો એક દિવસમાં ભિખારી કરનારો રિવાજ તદ્દન નાબુદ કરવો જોઇએ વળી નુકસાનકારક

ચીજોનો વાપર પણ આપણામાં પૂરજોશમાં પેઠો છે. જેથી પણ આપણી ખરાબી થવા બેઠી છે. પારસી લોકો પાન ખાતા નથી, શીઆ વહોરા બીલકુલ તમાકુનો વાપર કરતા નથી. નાગર લોકોમાંના ઘણાખરા તમાકુ તથા ચાનો વાપર કરતા નથી, વગેરે કોમો પૈસેટકે સુખી છે, અને હાલ પણ ઘણું કમાય છે, છતા ઉપર બતાવેલી વસ્તુઓ નુકસાન કરે છે, એમ સમજી તેનો વાપર કરતા નથી પણ આપણા લોકોમાના ઘણાખરા ગરીબ હોવા છતા, કમાણી જુજ હોવા છતાં તમાકુનો વાપર છૂટથી કરે છે, પાન ખાય છે, અને ચાનો ઉપયોગ તો હદથી જાદે કરે છે. મતલબ કે આવી નુકસાનકારક વસ્તુઓના વાપર શરૂ કર્યો છે, જેથી આનો, બે આના દરરોજનુ નકામુ ખરચ, દાખલ કર્યું છે ભાઇઓ, આપણા વરડાઓ દરરોજ રૂપીઓ બે રૂપીઆ પેદા કરતા અને તેમનુ ચાર છ આનાનુ રોજીન્દા ખર્ચ હતુ તેને બદલે હાલ આપણી કમાઇ અનિશ્ચિત છે, પણ રોજીન્દા ખર્ચ બમણુ કે તમણુ થયું હશે જેથી આપણી માઠી દશા આવે એમા નવાઇ નથી આપણા ઘરડા વરડાઓ પાન ખાતા નહોતા તેમ ચા પીતા નહોતા, બલકે તેને ઓળખતા પણ નહોતા. એમ કહીએ તો ખોટુ નથી છતા તેઓ જાતે તન્દુરસ્ત અને લાબું આયુષ્ય ભોગવતા હતા. આથી સાબિત થાય છે કે હાલમા પાન, બીડી, સોપારી, ચા વગેરેનો વાપર આપણે દાખલ કરી નકામુ ખરચ ઊભું કર્યું છે વળી તેથી શરીરમા અનેક પ્રકારના રોગ પેદા થાય છે, એમ ઘણાખરા હકીમો, વૈદો ને ડાકટરોના મોઢથી આપણે સાંભળીએ છીએ માટે આવી પૈસાની ખુવારી કરનાર, ને શરીરનો બાધો બગાડનાર, રસમ દૂર રાખવી જોઇએ ચા પીવાથી ખાધેલુ બરાબર પચતુ નથી તેથી ભૂખ વખતસર લાગતી નથી વળી તેની આદત લાબો મુદત સુધી ચાલુ રાખવાથી અફીણની માફક તે છોડાતી નથી પાન ખાનારના દાંત પિત્ત બાઝયું હોય એવા પીળા થઇ જાય છે. તથા પાનમાં ચૂનો આવતો હોવાથી ઘણીખરી વખત મોમા ફોલ્લા પડી જાય છે વળી આ રસમથી છાકટાપણું જણાય છે. કમાણી ઓછી હોય છે અને ચા, પાન, બીડો વગેરે ચીજો ગળે વળગી હોય છે, તો જુઠુ બોલવુ, છેતરવુ ચોરી કરવી, ચલમો ભરવી, બીજાની તાબેદારી કરવી વગેરે નઠારી ખસલતો દાખલ થાય છે. વળી એકલપેટાપણુ આવે છે આ રસમથી નાના બચ્ચાઓ ઉપર સૌથી પહેલી નઠારી અસર થવા પામે છે. માટે હે સમજુ ભાઇઓ, જો સુખી થવું હોયતો આની નુકસાનકારક આદતોને ગળે વળગાડો નહિ

પાટીદાર કે સિપાઇને ગામમાં પાંચ વીઘાં જમીન હોય તથા ઘરનું ઘર હોય પણ પાસે પૈસો ટકો ન હોય તો તે પોતે ગરીબ છે, એમ માને છે, અને છાશ રોટલો ખાઇ પોતાનો નિભાવ કરે છે બ્રાહ્મણ વાણીઆની વિધવા બાઇ પાસે બસે પાંચસેંનુ ઘરેણું તથા ઘરનુ ઘર રહેવા હોય છે, છતાં દળણા ખાડણા કરીને પોતાનો નિભાવ કરે છે પણ પોતાની સ્થાવર જંગમ મિલકતમાથી કંઈ પણ ઓછુ થવા દેતી નથી, અને એક વહોરાજી પોતાની માલમતા વેચી સાટી નવરા થયા હોય, માથે સો બસોનુ દેવુ હોય ફકત પોતાને રહેવા માટે એક ઘર હોય તે પણ બસેં રૂપીએ ઘરાણે મૂકયું હોય છતાં વેચાણ કરી આપતા ત્રણસે રૂપીઆ ઉપજે એમ હોય તો લોકને એમ કહેતા ફરે છે કે અમે સો રૂપીઆની પુંજી વાળા છીએ આ ભાઇની કેટલી પુજી છે, એ સમજવુ હુ વાચનારને સોપુ છુ. મારે કહેવાની મતલબ એટલી છે, કે આવી હાલત વાળો પણ પોતાનુ મિથ્યા અભિમાન છોડતો નથી. વળી તે "લાખ મળવાના નથી અને લખેશરી થવાના નથી" એ કહેવત ગોખી રાખી બચાવ કરવાની પણ નજર રાખતો નથી. જેથી છેલ્લે સરવાળે તેને ઘણું વઠવુ પડે છે—

વૈભવમા અને ખોરાકી પોશાકીમાં આપણા લોકો બીજી કોમોનુ અનુકરણ જલદી કરવા મંડી પડે છે પણ તે કોમો પૈસા કમાવા માટ જે જે તજવીજો કરે છે, તે તરફ બીલકુલ નજર કરતા નથી એક શીઆ વહોરાને શરબતી મલમલ પહેરતો તથા જરદા, બીરીઆની જેવો અમીરી ખોરાક ખાતો જોઇ તેવા કપડા પહેરવાની તથા તેવા ખોરાક ખાવાની નજર તો ઘણાખરાની થાય છે, પણ તેણે એ કમાલીઅત શાથી પેદા કરી એ જાણવાની તથા સમજવાની દરકાર કરતા નથી, ત્યા સુધી તેવી હાલત આપણી થવાની નથી, એ નક્કી જાણજો માના શીકમમાથી દરેક ખાલી હાથે પેદા થાય છે છતા તેમાથી કેટલાક અમીર અને કેટલાક ગરીબ થાય છે. તેનુ કારણ કિસ્મતની ખુબી છે. જેનો નસીબો બલંદ હોય છે તેને બચપણમા ઇલ્મ શીખવાની સવડ મળે છે તેને લીધે હુન્નર ઉદ્યોગમાં તે જલદી હોશિયાર થાય છે. દેશાવરમા જવાની તેને હિમત પડે છે જેથી દોલત તેને ખુદબખુદ આવી મળે છે શીઆ વહોરા તમામ પૈસાદાર હોતા નથી. છતાં તમામ પોતે સુખી જીંદગી ગુજારે છે. તેનુ કારણ પણ તેઓ ઘરથી ઘણે દૂર મુસાફરીએ ચાલ્યા જઈ ત્યા અનેક પ્રકારના હુન્નર ઉદ્યોગ અગર નોકરી કરે છે તે છે, આપણી માફક તેઓ ઘર કુકડીઆ નથી, અને જ્યાં સુધી આપણા લોક વેપાર અગર નોકરીના અંગે પર-

મુલકમાં જશે નહિ ત્યાં સુધી આપણી હાલત સુધરવાની નથી કહેવત છે કે " બીસીયાર સફ્ર આયદ તા પુખ્ત શવદ ખામે. "

અર્થ.— જેમ જેમ વધારે મુસાફરી કરીએ તેમ તેમ આપણી કચાશ હોય તે જતી રહી પાકુ થવાય. આ વાત ખરી છે; કેમકે પરદેશમાં માબાપ ઓરત કે બીજુ કોઇ સગુ વહાલુ સાથે હોતુ નથી. જેથી ખાવા પીવાની તથા કમાવાની ગોઠવણ જાતેજ કરવી પડે છે ફકત મુસાફરીમાં ઇલ્મની ખાસ જરૂર પડે છે. કેમકે તેના વડે આપણે દરેક બાબતનો હિસાબ રાખી શકીએ છીએ. તથા સારો નફો મેળવી શકીએ છીએ એ સિવાય જાત મહેનતથી આપણે પર મુલકમા જોઇએ તેટલુ પેદા કરી શકતા નથી માટે દરેકે ઇલ્મ ઉપર ખાસ ધ્યાન આપવુ. શીઆ વહોરા લાબી મુદતથી પરમુલકમા કમાવા માટે જાય છે. જેથી તેમનામા થોડો ઇલ્મ હોય છે, છતા તેમના નિભાવ થાય છે. તેનુ કારણ એ છે કે કોઇનો કોઈ સગા જ્યા જાય ત્યા મોજુદ હોય છે. જેથી તે બીજાને મદદ કરે છે. પણ આપણા લોકોએ તો ઇલ્મમા પૂરા વાકેફ થઈ મુસાફરીમા જવું બહેતર છે. આજકાલ અગ્રેજી જબાનની વપરાશ જ્યાં ત્યા જોવામાં આવે છે માટે તેની તાલીમ લેવી બહુ બહેતર છે. છ સાત અંગ્રેજી ચોપડીઓ શીખેલો જે પરમુલકમા કમાવા માટે જાય તો સહેજ એક વર્ષમા ખાતાં પીતાં બસે પાચસે રૂપીઆ ઘેર લાવે એ નક્કી જાણવુ. આવો ફાયદો ચરોતરના કેટલાક પાટીદારો મેળવવા લાગ્યા છે. માટે તેમનો દાખલો જોઇને પણ આપણે તે પ્રમાણે કરવું જોઇએ. માટે જે ઇલ્મરૂપી હથિયાર પકડશો તોજ આપણી અને આપણા બાલબચ્ચાની હાલત સુધરશે, નહિતો પેટને માટે બીજાના ઓશીઆળા થશો, તેમનાં બચ્ચાને રમાડશો અગર તમારી સાત પેઢીમા કોઇએ ન કર્યો હોય એવો હલકો ધધો કરશો એ નક્કી જાણજો.

બસેં પાચસેં ઘરની સિપાઇ અગર પાટીદાર વસ્તી હોય તેમાંના ફકત ચાર પાંચ આગેવાન મળી કોઇ પણ ઉઘરાણું અગર નાતનુ કામ કરી શકે છે, પણ આપણી નાતમા ઘરદીઠ એક માણસને બોલાવ્યા સિવાય તેવું કામ થઇ શકતુ નથી. મતલબકે ઘરે ઘરનો રાગ જુદો છે, આમ થવાના કારણો મેં ઉપર જણાવ્યા છે. માટે તે મુજબ સુધારો થાય તો તુરત આ કુસંપની જડ દૂર થાય. આપણી નાતની કોઇ બેવા ઓરત નિકાહ કરે છે, અને ત્યાર પછી તેને ત્યાં ફાવતુ નથી તો નાતના કેટલાક ખટપટીઆ લોકો તેને બીજે ઠેકાણે જવાની સલાહ આપે છે, અને જ્યારે સરકાર દરબારમાં કામ જાય છે ત્યારે પેલા ખટપટીઆ માણસો રૂશવત ખાઈ સાક્ષી પૂરે છે કે અમારી નાતરીઆ નાત છે અને આ નાતરાની

બૈરી છે. જેથી એને જ્યા ફાવે ત્યાં જઇ શકે એવો અમારામાં રિવાજ છે; આમ કહી અમલદારને છેતરવાનો પ્રયાસ કરે છે. તેવા માણસોએ યાદ રાખવું કે મુસલમાની શરીઆતમાં પહેલીવારના લગ્નમા ઓરત ઉપર મરદનો જેટલો હક છે, તેટલોજ હક નિકાહ વાળી ઓરત ઉપર પણ પહોચે છે, માટે અમલદારને છેતરવાનો ઢોગ કદી પણ કરશો નહિ—

આપણામા છોકરા છોડીના નામ મુસલમાની પાડવાનો વહીવટ જોવામાં આવે છે. છતા કેટલાક માણસો લાડમા અગર ખોટમાં પોતાનાં બચ્ચાનાં નામ જીવો, નાથો, પીરો, ગબડ, ભીખો, કાળીદાસ, ફકીરો વગેરે વગર વિચાર્યા પાડી દેછે એ બહુ ખોટુ છે આથી આપણી જહાલત જણાય છે માટે આ બાબત દરેક ગામના આગેવાનોએ ખાસ કાળજી રાખી મુસલમાની નામ પાડવા તથા પડાવવા સમજુત કરવી.

ધંધા રોજગાર.

આજકાલ મોટા મોટા કારખાનાને લીધે લગભગ તમામ વેપાર ઘણી મોટી મુડીવાળા તથા સારૂ ભણેલા હોય તેજ કરી શકે છે. પણ આપણામાંના ઘણાખરાની પાસે તેવી લાંબી મુડી રહી નથી, તથા ઇલ્મ શીખવા શીખવવાનુ કોઈ સમજ્યા નથી, તેથી તેઓ વેપારમા જોડાવાની શક્તિ અને હિમત પડતી નથી, વળી આપણી પાસે જોઇએ તેટલી જમીન નથી કે તેમાથી આપણુ ખર્ચ ખુટણુ નીકળે, વળી ખેતી જેવી સખત મજુરી પણ કેટલાકથી થઇ શકતી નથી. મનીઆરા તથા ગાંધીઆરાના ધધામા બાપ લાવે તો દીકરો વેચે એમ છે, જેથી તેમાં રોટલા ખર્ચ પરાણે નીકળે છે, અને આવ્યુ ખર્ચ નીકળતા ઓચીએ આખો આવે છે નેરતીનો તથા કાપડનો ધધો લાબી મુડીવાળા તથા નામા લેખામા કાન પકડાવે એવા વાણીઆ શાહુકારો કરે છે તે ધધો ભાડ દુકાન લઇને, રૂપીઆ વ્યાજે ઉપાડીને, તથા નામું બીજા પાસે લખાવીને કોઇ વહોરાજી કરવા જાય તો તેમાં ન તરે એ ખુલ્લુ છે. ભેસોનો વેપાર કરનાર કદાપિ એક વરસે સો બસેં રૂપીઆ પેદા કરે છે તો બીજે વરસે એક બે ભેસો મરી જાય છે, અગર પરદેશમાં પૈસા ઘાલનાર મળે છે, ત્યારે રડીને રહે છે, અને પછી આવો વેપાર કરવાની શેહ ખાઇ જાય છે. વળી કપાસ, મહુડાં, કોયલા, ખોળ વગેરે ખરીદવાના ધધામા જો એક વરસે કોઇને સો બસેં મળ્યા તો તે ગજગજ કુદે છે, અને ઓરતને ઘરેણાં કરાવા મડી પડે છે. આથી હામ, દામ, ને ઠામવાળા બીજી વખતે તે ધંધામા રોકાઇ જઇ નફો મે-

જાવે છે. અને બણુગાં મારનાર વહોરાજીના હાથમાં કંઇ રહેતુ નથી. કોઇ ભંગારનો, ઘી ઉઘરાવાનો કે ગામડે કોથળો કરવાનો ધંધો કરે છે, તેમાં ભાર ઉચકી ફરવાનું તેથી ચાર આનાનો મજુર લીધા સિવાય છૂટકો થતો નથી, કેમકે અકસર કરીને વહોરાજીનુ કરમ કઠણુ ને કાયા સુંવાળી હોય છે. જેથી આ રોજગારમાં ચાર છ આના તો મળવાના ન હોય છતાં મજુરને સાંજે ચાર આના આપવાજ પડે છે આથી નફો મળે તો નહિનફો મજુર લઇ જાય છે, અને ખોટ જાય તો પણુ ચાર આના તો કર્મે ખોટના ચોટે છેજ. આ સિવાય માળીઆ ગાંઠવાનો, ચીપો બેસાડવાનો તારકસબનો વગેરે ધંધામા ચા પાણી જેટલુજ પેદા થાય એવુ છે. ઘાણીના ધંધામા ચાર પુળો સોધ્યાં હોય તો વખતે બે પેસા પેદા કરે છે, છતાં તેમાં લોકનાં ટાઢા ઉના સાભળવા પડે છે, તથા ઉધાર સુધાર ઘણું ચલાવવુ પડે છે, જેથી ઘાણીનો પીલનાર તરતો નથી. વળી આજ કાલ તેલ કાઢવાના સચા પણુ નીકળતા જાય છે, તેથી તેમાં લાબો કસ રહ્યો નથી. માટે ભાઇઓ આપણે સમજવુ જોઇએ કે આપણી પાસે માલમતા નથી, કરમ કઠણુ ને કાયા સુંવાળી છે, આપણે આપણુ તથા આપણા કુટુબનું ગુજરાન મહા મુસીબતે ચલાવીએ છીએ, આવી હાલત છે માટે તે સુધારવાનો પ્રયત્ન કરવાની આપણી પહેલી ફરજ છે આનો સારામાં સારો ઉપાય એજ છે કે બચપણુમાં બચ્ચાંને ઇલ્મ શીખવો. આમ થયા સિવાય આપણી હાલત સુધરવાની નથી એ નક્કી જાણુજો. ઇલ્મને લીધે વેપાર રોજગારનાં મોટાં કારખાનામાં બચ્ચાંની નજર પહોંચશે, લાંબી મુડીવાળા પણુ વેપારમાં ભેળવશે અગર સરકારી કે મોટા વેંપારીને ત્યાં મોટી નોકરી મેળવી શકશે એ નક્કી જાણુજો માટે પોતાના છોકરાને ભણાવવા તરફ પુરી કાળજી રાખતા થાઓ. તમે જેટલી તેના ખાવા પીવાપર દેખરેખ રાખોછો તેથી પણુ વધારે દેખરેખ તેમના ભણુતર ઉપર રાખવાની ફરજ પહેલી જાણુજો, નહિ તો બચપણુમાં પડેલી ખાવા પીવાની આદતને લીધે તથા તે પ્રમાણે કમાણી નહિ હોવાથી તેઓ બીજાના ઓશીઆળા થશે, અગર ઠગાઇ કે ચોરી જેવા નીચ ધંધા કરશે વળી વખતે લાલચના માર્યા ઢેડનું પણુ પાણી પી જાય એમ પણુ બની શકે. માટે જો તમે તમારી કોમનુ અને તમારા પાક દીનનું બહેતર સમજતા હો, તો તમારી કમાણી પ્રમાણે ખર્ચખુટણુ રાખો. અગર ખર્ચ ખુટણુ પ્રમાણે ધંધા રોજગારમાં તથા ઇલ્મમાં માહિતગાર થઇ બહુ કમાતા થાઓ નહિ તો લાજ અને લુગડાં બંને જશે અને પા-

છળ આંગળીઓ થશે આજ કાલ કેટલાક લોક એમ કહે છે કે સંચા થવાથી અમારા ધંધારોજગાર પડી ભાગ્યા છે, પણ આ તેમનું કહેવું ભુલભરેલુ છે. ખરી રીતે કહીએ તો જે યુક્તિથી આપણે ધધો રોજગાર કરતા હતા તેનાથી સરસ અને ફાયદાકારક યુક્તિ દાખલ થવાથી આપણી યુક્તિ પડી ભાગી છે માટે આપણે તે નવી યુક્તિ અખત્યાર કરવી જોઇએ. કેમકે તેને લીધે ધધા રોજગાર પૂર જોશમાં ચાલે છે, અને કમાણી પણ પુષ્કળ થાય છે. પહેલાં ધંધો કરવામાં તન તોડવુ પડતુ તેને બદલે હાલમા અનેક હિકમતો દાખલ થવાથી થોડી મહેનતે ઘણુ કામ થાય છે, અને તે પ્રમાણે કમાણી પણ થાય છે છતા ધધા રોજગાર પડી ભાગ્યા છે એ કહેવું તદ્દન ગેરવાજબી છે ફારસીમા કહ્યું છે કે—

ગર ન બીનદ બરોજે શપ્પરે ચશ્મ

ચશ્મએ આફતાબરા ચે ગુનાહ

અર્થ —ધોળે દહાડે ચામાચીડીઉં ન જોઇ શકે તેમા સુરજના પ્રકાશનો શો વાંક ? મતલબકે સુરજના કિરણ રૂપી ધધો રોજગાર આજકાલ ચોતરફ જોવામાં આવે છે, છતા ચામાચીડીઆ રૂપી ખોડવાળો માણુસ તેને ઉપયોગમા ન લે તેમા પધા રોજગારનો શો વાક ? વાક તો જે ન શીખે તેનોજ જાણવો. આજકાલ જે લોકો તેમા માહિતગાર થએલા છે, તેમની પાછળ દોલત દોટો કાઢે છે એ નક્કી માનજો, અને આપણે દોલતને પકડવા દોટો કાઢી રહ્યા છીએ પણ તે શાથી પકડાય તેનો મર્મ સમજ્યા નથી જેથી તેને પકડી શકતા નથી. માટે તેનાં કારણ રૂપી હાલનો ઇલ્મ અને હુન્નર શીખી દોલતને પકડશો તો ખુદ બખુદ તે તમને આવી મળશે

ભાઇઓ હાલના વખતમાં જે લોકો અનેક પ્રકારના વૈભવ ભોગવી રહ્યા છે તેનુ કારણ ઇલ્મ અને હુન્નરની આવડતનુજ જાણવું. કોઇ માના શીકમમાથી શીખીને પેદા થતો નથી, સૌ કોઈ ખાલી હાથે પેદા થાય છે. પણ જેનામાં ઇલ્મ અને હુન્નર રૂપી રોશની પેદા થાય છે તે દીપી નીકળે છે, અને બાકીના દીકરાની મીસાલ જ્યાં ત્યા અથડાયાં કરી કુતરાં બિલાડાંની માફક પોતાની જીંદગી ટેર કરે છે. માટે ચાલુ જમાનાના ઇલ્મ અને હુન્નર શીખો અને શીખવો. આમ કરશો તોજ તમારૂ બહેતર થશે.

આપણી કોમ ચાલાક, બુદ્ધિશાળી અને ખતીલી છે. તેથી જો આપણી ઉછરતી પ્રજાને કેળવણી મળે તો ભવિષ્યમાં સુખી થયા વગર

રહે નહિ કારણકે અત્યાર સુધીમાં જેઓ કેળવણી લઈ પોતાને રોજગારે વળગ્યા છે, તેઓ પોતાની જાત ચાલાકીથી બીજાની મદદ સિવાય ઇન્શાઅલ્લાહ તાઅલા ફતેમંદ નીવડયા છે.

વેપારને અંગે કેટલાક જાતિભાઇઓ ગુલામી કરે છે એ બહુ શરમાવા જેવું છે. સુથાર અગર લુહાર કોઇનું ઘરાક હોય તેવો માણસ કોઈ ચીજ બનાવરાવવા માટે તેમને ત્યા નાખે છે તો તે તૈયાર થયા પછી તેની જાતે અગર ભાગીઆ માર્ફતે તે ચીજ પોતાને ઘેર લઇજવી પડે છે. પણ કોઇ સુથાર અગર લુહાર પોતાને માથે મૂકી તે ચીજ પોતાના ઘરાકને ઘેર આપવા જતો નથી. મતલબકે પોતાના વેપારને અંગે પોનાની આપ અખત્યારી જાળવી રહ્યા છે. પણ ઘાણી પીલનાર કેટલાક ગામડાંના વહોરા ફક્ત શેર બશેર અનાજની લાલચે પોતાની વહુ દીકરીઓને માથે કચરીઆના અગર ખોળના ટોપલા મૂકાવી ઘાણી પીલાવનારને ઘેર તે મૂકવા મોકલે છે. એ કેટલુ બે શરમનુ કામ છે તે તેવા ભાઇઓએ સમજવા જેવું છે, અને નીચું ઘાલવા જેવું છે. કેમકે તે એક જાતની ગુલામી છે. આપણી આબરૂને બટ્ટો ન લાગે એવા તમામ હુન્નર કરવામા નાનમ નથી. પણ વેઠ કરી લાભ મેળવવો એ બહુ શરમાવા જેવું છે. આથી કેટલીક વખત પાછળ નઠારી વાતો થાય છે તેમ પોનાની અને પોતાના જાત ભાઇની હલકાશ જણાય છે. તથા જેની મજુરી કરવામા આવે છે તે જાતે મગરૂરજ બને છે અને મજુરી કરનારને નીચ ગણે છે. આથી યાદ રાખવું કે પોતાની મહેનત અને અક્કલનો બદલો મળે છે તેમાંજ ખરી આપ અખત્યારી છે. પારકી ચાકરી અગર પારકાને બાપદાદા કહી પેટ ભરવાનો ધંધો પકડવો એ બાયલાપણું અને નાનમ પેદા કરનાર છે. તથા પોતાની જાત વેચવા જેવુ છે માટે તેવા તમામ લોકોએ લાલચથી નહિ લોભાતાં પોતાનો મોભો જળવાય એમ વર્તવુ જોઇએ.

અકસર કરીને આપણા લોકોમાના ઘણાખરા બજારમાં અગર શરીઆમ રસ્તા ઉપર ઘર રાખે છે. તથા આરતોને દુકાનમાં વેચવા સાટવા માટે બેસાડે છે અગર ગામ પરગામ માલ લેવા માટે મોકલે છે એ બધુ નિંદવા લાયક છે. માટે તેમાં પણ સુધારો થવાની જરૂર છે.

ઉપસંહાર એટલે છેવટના બે બોલ.

ચાલુ જમાનામાં સઘળી કોમો પોત પોતાના સુધારા વધારા માટે કોશીશ કરી રહી છે, અને તે દરેકની સભા આપણે જોઇએ છીએ. આ-

પણી મુસલમાની કોમે પણ મોટા મોટા કસ્બામાં અને શહેરોમાં ઈસ્લામી ભાઇઓની બહેતરી માટે " અંજુમને ઇસ્લામ " સ્થાપવા માંડી છે, અને તેમની તરફથી ઇલ્મ, કેળવણી વગેરે બાબતો ઉપર દેખરેખ રખાય છે. પણ આપણી ઘણીખરી વસ્તી ગામડાંમાં છે. જેથી આવી મોટી મંડળીનો લાભ આપણાથી લઇ શકાતો નથી. છતાં કસ્બામાં વસતા આપણા જાતિ ભાઇઓ તેનો લાભ લઇ શકે, માટે તેમાં પણ આપણાથી બનતી મદદ આપી ખુદ આપણી કોમના સુધારા માટે ખાસ એક જુદી મંડળી સ્થાપવી જોઇએ, અને તે મંડળીને તમામ ભાઇઓએ પોતાથી બનતી મદદ આપવી જોઇએ કે જેથી દરેક મોટા ગામમાં એક મદરસો નભાવી શકે, તથા કેળવણીને પણ મદદગાર થઇ પડે, તથા પાછળ લખ્યા પ્રમાણે જે જે બદ રસમોથી આપણી ખરાબી થાય છે, તે તમામ બદ રસમો આપણામાંથી કાઢી નાંખવા તજવીજ કરે. વળી શીઆ વહોરાઓએ જેમ પોતાની નાતની બહેતરી માટે એક પોતાની નાતના મુલ્લાજી સાહેબને મુકરર કરી તેમને દર વરસે મદદ રૂપે અમુક રકમ આપે છે, તેના વડે મુલ્લાજી સાહેબ પોતાની કોમની દીન દુનિઆની બહેતરી માટે બંદોબસ્ત રાખે છે, અને તમામ વહોરા પણ તેમનો હુકમ માની તેમના કહ્યા મુજબ વર્તી સુખી થાય છે, તે પ્રમાણે આપણી કોમે પણ આપણી દીન દુનિઆની બહેતરી માટે આપણી કોમના તારાપુરવાળા જનાબ મોલવી સાહેબ ગુલામનબીને પોતાના પેશવા બનાવી તેમના ફરમાન મુજબ વર્તવુ જોઇએ. આથીજ આપણું બહેતર થશે. માટે ભાઇઓ શેતાનને, કુફરને તથા જહાલતને દૂર કરી આપણી કોમને સુધારવાની કોશીશ કરો, તથા પાછળ જે બદરસમો જણાવી છે, તે તમામ રદબાતલ કરો, અને કરાવો. આને માટે જે જે ગામોના આગેવાન એકઠા થઇ શકે તેમણે એકઠા થઇ સુધારા કરવા જોઈએ, તથા આપણી તરક્કીની અસલીઅત જે ઇલ્મ તથા હુન્નર તે શીખવા શીખવવા તરફ પૂરતું ધ્યાન આપો. દરેક છોકરો નડિઆદમા થતી સાતમા ધોરણની પરીક્ષામાં પાસ થાય એમ થવુજ જોઇએ. વળી બાળલગ્ન બંધ કરો, તથા તે સિવાય જે જે રસમોથી આપણી હાલત ગરીબ થઇ જાય છે- તે તે રસમો દૂર કરો. છેવટ, અલ્લાહ સૌ ભાઇઓને નેક હિદાયત દે. આમીન, યા રબ્બિલ આલેમીન.

સમાપ્ત.